સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

શ્રી સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

૩૭ મો જન્મોત્સવ

સુરત - ૨૦૧૦

તારીખ :- ૨ થી ૦૫-૩-૦૯ સુધી

ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અનુગામી અને વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ૩૭મી જન્મજયંતીએ તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

સોજીત્રાને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા નૂતન મંદિરનો ભૂમિપૂજન શિલાન્યાસ મહોત્સવ (તા. ૧૦-૨-૨૦૧૦)

વેળાવદરને આંગણે યોજાયેલ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા નૂતન મંદિરનો ભૂમિપૂજન શિલાન્યાસ મહોત્સવ (તા. ૧૦-૨-૨૦૧૦)

વાસી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા તથા દિવ્ય શાકોત્સવ (૩૧-૧-૨૦૧૦)

:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૮, તા. ૨૦-૦૨-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોબર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

બે વર્ષ	: રૂ. ૧૬૦/-
પંચવાર્ષિક	: રૂ. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ	: રૂ. ૭૫૦/-
પરદેશમાં લવાજમ	: $ 200 U.S.A.
	: £ 100 U.K.

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhadham.org
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com

પ.પૂ. લાલજી મહારાજશ્રીની ૩૭મી જન્મજયંતીએ તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

જેમણે **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** (પૂ.પિતાશ્રી)ના સ્વપ્નાને સાકાર કરવા જીવન ઘસી નાખ્યું છે, અને લાખો યુવક-હૃદયના ધબકાર, પૂર્ણપ્રભાસ પ્રજ્ઞા અને પુણ્યપ્રેય શ્રેય માર્ગના પ્રદાતા તેમજ સાધુતા યુક્ત સદ્‌ગુણોથી ભરપૂર જેમનું જીવન જોઈને પ્રસન્ન થયેલા પિતામહ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ પણ 'પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પછી આ નૃગેન્દ્રપ્રસાદજીનો પણ આચાર્યપદે અભિષેક ધામધૂમથી કરજો' એવા વચનથી જેમની પ્રતિભાશક્તિનું દર્શન કરાવ્યું છે એવા વિરલ યુગસર્જક **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની **૩૭મી જન્મજયંતી**એ તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

:: અનુક્રમણિકા ::

૧ વચનામૃતના સારતમલક્ષ્યાંક ખરેખરા 'શ્રીકૃષ્ણ' કોણ છે ??? ૦૪
૨ વચનામૃતમાં વપરાયો છે વારંવાર 'શ્રીકૃષ્ણ' શબ્દ શા માટે ? ૦૬
૩ શ્રીમદ્ ભાગવત આદિક શાસ્ત્રોમાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો અનેક અર્થી પ્રયોગ... ૦૮
૪ વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો (અનેકાર્થી) પ્રયોગ.. ૧૨
૫ શું શ્રીકૃષ્ણ ભગવાન એજ શ્રીજીમહારાજ છે ??? ૧૬
૬ શ્રીજીમહારાજ,... એક આદર્શ સાધક : વચનામૃતની દૃષ્ટિએ ૧૮
૭ શ્રીજીમહારાજ,... એક સિદ્ધપુરુષ : વચનામૃતની દૃષ્ટિએ ૨૦
૮ નરનારાયણના ભક્ત-ઉપાસક-દાસ : વચનામૃતની દૃષ્ટિએ ૨૧
૯ સ્વયં શ્રીકૃષ્ણ : વચનામૃતની દૃષ્ટિએ ૨૧
૧૦ રામકૃષ્ણાદિક અવતારો કરતા ભિન્ન, સ્વયં અવતારી પુરુષોત્તમઃ વચનામૃતની દૃષ્ટિએ ૨૨
૧૧ પોતે શ્રીકૃષ્ણના ભક્ત-ઉપાસક-દાસ : વચનામૃતની દૃષ્ટિએ ૨૩
૧૨ તો પછી અવતારો કોણ છે ??? ૨૪
૧૩ મહાભારતમાં અવતાર-અવતારી ભેદ... ૨૬

સંપૂર્ણ લેખન/સંકલન : પાર્ષદ ખુશાલ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

૧૪ સત્સંગ સમાચાર... ૨૬

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

અનાદિઅળથી ભાગવતાદિ તમામ શાસ્ત્રોના મૂળભૂત-સારરૂપ સનાતન વેદોએ પણ જેમની સર્વોપરિપણે સ્તુતિ-ગાન કરાયેલી છે એવા;...

વચનામૃતના આરંભ લક્ષ્યાંક ખરેખરા 'શ્રીકૃષ્ણ' કોણ છે ???

- પાર્ષદ ખુશાલ ભગત

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



બે સદીથી અનેક સત્સંગીઓના મનમાં ગૂંચવતો અને મૂંઝવણ ઊભી કરતો આ **પ્રશ્ન** એક મોક્ષભાગી સત્સંગીને ઉદ્‌ભવે એ સહજ છે, કારણ કે શ્રીજીમહારાજે પોતાના ઉપદેશોમાં એટલે કે વચનામૃતમાં વારંવાર **શ્રીકૃષ્ણ ભગવાન**ની વાત કરી છે. વચનામૃતમાં પૂર્વેના અન્ય અવતારોનો પણ ઉલ્લેખ તો આવે છે, પરંતુ એ સૌ કરતા વધારે અને વારંવાર **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ થયેલ જોવા મળે છે. જો શ્રીજીમહારાજને **પોતાના જ સ્વરૂપ**ની વાત કરવી હતી, તો પછી પોતાનો જ ઉલ્લેખ સર્વત્ર કરવાને બદલે **શ્રીકૃષ્ણ ભગવાનનો ઉલ્લેખ** વારંવાર શા માટે કર્યો છે ? શું ભગવાન શ્રી સ્વામિનારાયણ વસુદેવ-દેવકીનંદન શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ-ઉપાસ્યદેવ-ભગવાન અને પોતાને તેમના ભક્ત માનતા હતા તેથી **'શ્રીકૃષ્ણ'** શબ્દ વારંવાર વાપર્યો છે ? કે પછી એ જ શ્રીકૃષ્ણ પુનઃ શ્રીજીમહારાજ ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે અવતર્યા છે ? એટલા માટે 'શ્રીકૃષ્ણ' શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે ?

આ પ્રશ્નોના **સંતોષકારક સમાધાન** માટે આપણે **વચનામૃતના સંદર્ભો**ને સૂક્ષ્મતાથી વિચારવાની જરૂરિયાત છે.

આ પ્રશ્નોના ખુલાસા કરતા કેટલાક એમ કહે છે કે, ભગવાન શ્રીહરિ વચનામૃતમાં અનેક પ્રકારના વાક્યો બોલ્યા છે. તેમાં સર્વોપરી સ્વરૂપ વિષેના **સર્વોપરી શબ્દો** જ આપણે વિશેષપણે માન્ય રાખવા, આથી બીજા શબ્દો અમાન્ય એટલે કે અપ્રમાણભૂત થાય છે એવી કોઈ ગેરસમજ ઊભી કરવાની જરૂર નથી. કારણ કે બધાજ વચનો શ્રીજીમહારાજના જ છે. તેથી અમુક વચનો **પ્રમાણભૂત** અને બીજા **અપ્રમાણભૂત** છે એમકદાપિ માની શકાય જ નહિ. જો એમ માનવાની કોઈ ચેષ્ટા કરે તો સમગ્ર વચનામૃત ગ્રંથ જ અપ્રમાણભૂત થઈ જાય. વચનામૃતનું પ્રત્યેક વચન સત્ય છે, તેમાં મિથ્યાપણાનો કે અસત્યપણાનો લેશમાત્ર અંશ નથી. હા, એટલું સત્ય છે કે શ્રીજીમહારાજે મુમુક્ષુઓના **અધિકારભેદ**ને દૃષ્ટિમાં રાખીને વાતો કરી છે. તેથી અન્ય શાસ્ત્રની જેમ વચનામૃતમાં પણ **સામાન્ય સિદ્ધાંત** અને **મુખ્ય સિદ્ધાંત** એમ બે પ્રકારના શબ્દો છે. પરંતુ ભલે ભગવાન શ્રીહરિએ પોતાના સ્વરૂપ વિષે સામાન્ય સિદ્ધાંતના અનેક શબ્દો કહ્યા હોય, પણ શ્રીજીમહારાજના ઉપાસકે તો તેમના સ્વરૂપ વિષે ઉચ્ચારેલા **મુખ્ય સિદ્ધાંત**ના **ઉત્કૃષ્ટ શબ્દો** કે જે ભગવાન શ્રી સ્વામિનારાયણના **સર્વોપરીપણાનું પ્રતિપાદન** કરતા હોય, તે જ **વિશેષપણે** ગ્રહણ કરવા જોઈએ એમ શિક્ષાપત્રીની આજ્ઞા છે કે - 'एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथाभक्तिविरागयोः ॥' (શિક્ષાપત્રી : ૧૦૧) તેમજ 'मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।' - અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય. તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં.

(શિક્ષાપત્રી : ૧૦૨)

આ બે શ્લોકના આધારે આપણે શ્રીજીમહારાજના વચનોમાંથી પણ **તેમના સર્વોપરીપણાના વચનો** જ **વિશેષ** ગ્રહણ કરવા જોઈએ. પરંતુ એ સિવાયના ભગવાન શ્રીહરિએ ઉચ્ચારેલા અન્ય વચનો મિથ્યા છે એમ માનવું તે મૂર્ખતા છે. કારણ કે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ અંગે વાતો કરી છે ત્યારે ત્યારે એ વાતનું અનુસંધાન ખાસ રાખ્યું છે કે, પોતાનું પ્રાગટ્ય અનંત જીવોના હિતાર્થે હોઈ દરેક જીવને પોતાને વિષે ગુણબુદ્ધિ ઉત્પન્ન થાય, હેત અને આદર થાય, ને ક્રમશઃ ઉત્કૃષ્ટ સમજણ કેળવીને એકાંતિક ભક્ત થઈને પરમપદને પામે, તે હેતુથી જ તે જીવની પાત્રતા પ્રમાણે પોતાના સ્વરૂપ વિષે ઠેર ઠેર જુદું જુદું નિરૂપણ કરેલું છે. એનો અર્થ એમ પણ નથી કે શ્રીજીમહારાજ હતા કાંઈક જુદા અને દેખાતા હતા કાંઈક જુદાં, તેઓ જાણતા હતા કાંઈક જુદું અને કહેતા હતા કાંઈક જુદું એવી વાત નથી. ભગવાન શ્રીહરિ જેવા હતા અને જે જાણતા હતા તેવી જ વાતો તેઓએ કરી છે.

વચનામૃતમાં વપરાયો છે વારંવાર 'શ્રીકૃષ્ણ' શબ્દ શા માટે ?

હા, એ હકીકત વાત છે કે વચનામૃતમાં શ્રીજીમહારાજે **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ વિપુલ પ્રમાણમાં કર્યો છે. પરંતુ એનો અર્થ એવો નથી થતો કે ભગવાન શ્રીહરિ દેવકીનંદન વ્રજરમણ ગોલોકપતિ શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ માનતા હતા; અથવા પોતેજ એ શ્રીકૃષ્ણ હતા. પરંતુ બહુધા શ્રીકૃષ્ણ શબ્દ વચનામૃતમાં **અક્ષરધામના અધિપતિ** એવા **અનાદિ પરબ્રહ્મ** પુરુષોત્તમનારાયણ શ્રીકૃષ્ણ માટે અથવા તો **પ્રત્યક્ષ મનુષ્યમૂર્તિ** સ્વયં શ્રીજીમહારાજે **પોતાના સ્વરૂપ માટે** વાપર્યો છે.

ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણની વાત કરીને પોતાના પ્રત્યક્ષ સ્વરૂપનો નિર્દેશ :

વચનામૃતમાં જુદી જુદી વાતોમાં વિશેષે કરીને વારંવાર **'શ્રીકૃષ્ણ'** ભગવાનનો ઉલ્લેખ કર્યો છે. તેનું **મુખ્ય કારણ** દેશ, કાળ અને આસપાસનો સમાજ હતો. **દેશ અને કાળની દૃષ્ટિએ** જોઈએ તો એ વખતે સમગ્ર ગુજરાતમાં **કૃષ્ણભક્તિ**નું પ્રમાણ **વિશેષ** હતું. એટલે કે વૈષ્ણવ સંપ્રદાય મોટા પ્રમાણમાં વિસ્તરેલો હતો. જેના અનુયાયીઓ શ્રીકૃષ્ણ ભગવાનને **ઈષ્ટદેવ** માનીને તેમનું ભજન-ભક્તિ કરતા હતા. વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિતવર્ગ પણ પ્રથમ તો સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનો આશ્રિત સમાજ હતો, જેઓ શ્રીકૃષ્ણનું જ ભજન કરતા હતા.

આ પ્રકારના શ્રોતાઓની સભામાં શ્રીકૃષ્ણ ભગવાનના પ્રસંગો અને શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્‌ગીતાના સંદર્ભોની સાથે **શ્રીજીમહારાજ** પોતાના સ્વરૂપની પણ વાત કરતા. **પોતાના સ્વરૂપની વાત કરવા માટે** 'શ્રીકૃષ્ણ' શબ્દની સાથે સાથે 'અક્ષરધામમાં વિરાજમાન', 'અક્ષરધામના અધિપતિ', 'અક્ષરાતીત', 'અક્ષરથી પર' જેવા શબ્દો વાપરીને **અક્ષરધામસ્થ પોતાના અનાદિ સ્વરૂપનો નિર્દેશ** કરતા અને **'પ્રત્યક્ષ', 'નયનગોચર', 'પ્રગટ પ્રમાણ'** જેવા શબ્દ વાપરીને આ લોકમાં અનેક જીવાત્માઓનું કલ્યાણ કરવા મનુષ્યરૂપે પ્રગટ થયેલા પોતાના **સાક્ષાત્ સ્વરૂપ**નો નિર્દેશ કરી દેતા, જો કે ભગવાન શ્રી સ્વામિનારાયણનું તાન તો કરુણાએ કરીને પોતાનું **સર્વોપરી સ્વરૂપ** સમજાવવાનું હતું. પરંતુ એ સંજોગોમાં એ ખૂબ કઠણ હતું, તેથી એ વખતના વહેતા પાણીના પ્રવાહમાં ભળી જઈને સૌને આકર્ષિત કરી પોતાનામાં હેત કરાવ્યું. પછી ધીરે ધીરે સ્પષ્ટપણે કે ગર્ભિત રીતે પોતાના **સર્વોપરીપણાની વાતો** પણ કરી દીધી.

શ્રીજીમહારાજનો હૃદયગત અભિપ્રાય :

ગઢડા પ્રથમ પ્રકરણના ૫માં વચનામૃતમાં વસુદેવ-દેવકીનંદન શ્રીકૃષ્ણ ભગવાનનું રાધિકા સહિત ધ્યાન

કરવાની વાત તો કરી છે. પરંતુ પતિવ્રતાની ટેકવાળા ભક્તોએ તો પોતાને મળેલ અને પોતાના ઈષ્ટદેવ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય અન્ય રામકૃષ્ણાદિક અવતારનું ધ્યાન ન કરવું એવી વાત લોયા પ્રકરણના ૧૧માં વચનામૃતમાં કરી છે. તથા ભગવાન વિના બીજા તેમના અવતારોમાં પ્રીતિ ન કરવાની વાત ગઢડા અંત્ય પ્રકરણના ૧૬માં વચનામૃતમાં કરી છે. અને વળી, **એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય** તો પોતે **શ્રીજીમહારાજ** છે, અને એમના બીજા અવતારો તો **નમસ્કાર કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય** છે - એમ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮માં વચનામૃતમાં કહ્યું છે. અને ભગવાન શ્રીહરિનો **હૃદયગત અભિપ્રાય** આ જ હતો કે, મને મળેલો સમાજ મારા પૂર્વે થયેલા અવતારોમાંથી ઉખડીને હવે મને વળગે અને મારા સ્વરૂપમાં પ્રીતિ જોડે જેથી એમનું **આત્યંતિક કલ્યાણ** થાય, એટલે જ તો શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી તેમના ચૌદમા દિવસની સભાથી જ 'શ્રીકૃષ્ણ ભગવાન'ના ભજનને બદલે પોતાનું અનાદિનું અર્થાત્ **'સ્વામિનારાયણ'** નામનું ભજન શરૂ કરાવ્યું હતું.

પોતાના આશ્રિતો ઉપર અનન્ય કરુણા :

ઘણાં સત્સંગીઓ તથા ત્યાગીઓ એમ **આક્ષેપ** મૂકે છે કે, શ્રીજીમહારાજે વચનામૃતમાં પોતાના સ્વરૂપ વિષે **ચોખ્ખી વાતો** કરી નથી અને **ભેગી ભેગી વાતો** કરીને સત્સંગીઓને ભમાવી દીધા છે. તેથી એમ ચોખ્ખી વિક્તિ પાડી શકાતી નથી કે ભગવાન શ્રીહરિએ જે વાતો કરી છે તે પોતાની કરી છે કે ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણની ? પરંતુ આ આક્ષેપ સર્વથા માન્ય નથી. એ વાત સત્ય જ છે કે શ્રીજીમહારાજે ભેગી ભેગી વાતો કરી છે. પરંતુ સમગ્ર વચનામૃતનું અધ્યયન કરતા એ ચોક્કસ જણાય આવશે કે વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યાં જ્યાં પોતાના **હૃદયગત અભિપ્રાય, સિદ્ધાંત, રહસ્ય** કે **રુચિ**ની વાત કરી છે. આશ્રિતના આત્યંતિક કલ્યાણ માટે ઉપયોગી એવી ભક્તિ - પ્રીતિ - ઉપાસના - નિષ્ઠા - શરણાગતિ કરવાની વાત કરી છે; જ્યાં જ્યાં ભગવાનનો નિશ્ચય, મહિમા, દિવ્યભાવ, સગુણપણું-નિર્ગુણપણું, ભગવાનને વિષે વૃત્તિ રાખવાની વાત કરી છે ત્યાં ત્યાં બહુધા **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ કર્યો જ નથી. શ્રીજીમહારાજે આવા મોક્ષ ઉપયોગી વચનોમાં બહુધા **ભગવાન, પરમેશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ, પુરુષોત્તમ, પુરુષોત્તમનારાયણ જેવા શબ્દો** વાપર્યા છે. તેની પ્રતીતિ માટે કેટલાક **વચનામૃતના સંદર્ભો** આપણે જોઈએ :-

પોતાના સ્વરૂપના જ્ઞાન વિષે કરેલી વાતોમાં...

ગ. પ્ર. ૫૭ :- "...ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને **ભગવાનનું માહાત્મ્ય** જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે..."

ગ. પ્ર. ૬૩ :- "...તત્ત્વે કરીને **ભગવાનનું સ્વરૂપ** જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી..."

ગ. અં. ૩૭ :- "...જેને **ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન** એકવાર થયું હોય ને પછી તેને દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થઈ જાય તો પણ તે જ્ઞાનનો લેશ જાય નહિ..."

ઉપરોક્ત વચનામૃતોમાં શ્રીજીમહારાજે જ્યારે પોતાના સ્વરૂપની જ વાતો કરવી હતી ત્યારે ત્યાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ ન કરતાં **'ભગવાન'** શબ્દનો પ્રયોગ કર્યો છે.

પોતાના મૂળ સ્વરૂપ વિષે કરેલી વાતોમાં...

કા. ૮ :- "...પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ **ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ** છે..."

પં. ૪ :- "...એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, વેદ, પુરાણ, મહાભારત, સ્મૃતિઓ ઈત્યાદિક જે શાસ્ત્ર તેને વિષે ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે **મૂળરૂપ** પોતાના અક્ષરધામમાં રહ્યું છે તે કહ્યું છે..."

અહીં પણ શ્રીજીમહારાજે 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ ન કરતા **'ભગવાન'** શબ્દનો જ પ્રયોગ કર્યો છે.

પાંચ ભેદનું વર્ણન કરતી વાતોમાં...

ગ. પ્ર. ૭ :- "...એ પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ **પાંચ ભેદ** તે **અનાદિ** છે..."

ગ. અં. ૧૦ :- "...વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ શાસ્ત્રમાંથી અમે એ **સિદ્ધાંત** કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે..."

અહીં પણ શ્રીજીમહારાજે 'શ્રીકૃષ્ણ'ને બદલે **'પુરુષોત્તમ ભગવાન'** અને **'પરમેશ્વર'** એ શબ્દનો જ પ્રયોગ કર્યો છે.

આ રીતે આત્યંતિક મુક્તિને ઉપયોગી ઉપાસના, નિશ્ચય, સમજણની બાબતમાં જ્યાં જ્યાં ભગવાન શ્રીહરિએ વાત કરી છે ત્યાં ક્યાંય પણ 'શ્રીકૃષ્ણ' શબ્દનો ઉલ્લેખ કર્યો નથી અને જ્યાં જ્યાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ કર્યો છે ત્યાં ત્યાં 'શ્રીકૃષ્ણ' શબ્દ તે અક્ષરધામના અધિપતિ પ્રગટ પ્રમાણ **પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ** એટલે કે **પોતાના માટે જ** પ્રયોગ કર્યો છે. કારણ કે **'શ્રીકૃષ્ણ'** શબ્દ તે શ્રીમદ્ ભાગવતના નાયક, શ્રી ભગવદ્‌ગીતાના વક્તા એવા ગોકુળચંદ 'શ્રીકૃષ્ણ' માટે જ વાપરી શકાય તેવો ક્યાંય પણ ઉલ્લેખ નથી. કારણ કે શ્રીકૃષ્ણ શબ્દ શાસ્ત્રોમાં વિવિધ અર્થોમાં વપરાયો છે.

કે શ્રીકૃષ્ણ શબ્દ શાસ્ત્રોમાં વિવિધ અર્થોમાં વપરાયો છે.

શ્રીમદ્ ભાગવત આદિક શાસ્ત્રોમાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો અનેક અર્થી પ્રયોગ

ફક્ત શ્રીજીમહારાજે જ **'શ્રીકૃષ્ણ'** શબ્દ વિવિધ અર્થમાં વાપર્યો નથી, પરંતુ શાસ્ત્રોમાં પણ તે શબ્દ જુદા જુદા અર્થમાં અને જુદી જુદી વ્યક્તિઓ માટે વપરાયો છે.

- કૃષ્ણ અર્થાત્ કાળો કે શ્યામવર્ણ. અથવા શ્યામવર્ણવાળી વ્યક્તિ. દા. ત. વ્યાસ (કૃષ્ણદ્વૈપાયન), શંકર, અર્જુન, ગોકુલચંદ શ્રીકૃષ્ણ ભગવાન શ્યામવર્ણના હોવાથી તેમના માટે **'કૃષ્ણ'** શબ્દ વપરાયો છે. આનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના અધ્યાય ૮, શ્લોક ૧૩માં કહ્યું છે કે, ''વસુદેવ દેવકીના પુત્ર-નંદયશોદાના લાલાના **નામકરણ સંસ્કારવિધિ** વખતે ગર્ગાચાર્યે નંદબાવાને કહેલું કે આ બાળકનો વર્ણ શ્યામ છે તેથી તે 'કૃષ્ણ' તરીકે ઓળખાશે.''

- સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામના નામકરણવિધિમાં માર્કંડેયમુનિ ધર્મદેવને કહે છે :-

'कृष्णाख्यः कृष्णवर्णत्वात्स्वस्मिंश्चाकर्षणाद्धदः ।
मधुमासजनेश्चासौ सुतो भवतु ते भुवि ॥'

હે ધર્મ ! તમારા પુત્રનો વર્ણ નવીન મેઘ સમાન શ્યામહોવાથી તેમજ પોતાના સ્વરૂપમાં મનુષ્યોનાં મનને આકર્ષણ કરતા હોવાથી તથા ચૈત્ર માસમાં પ્રગટ થયા હોવાથી પૃથ્વી પર આ તમારા પુત્ર **'કૃષ્ણ'** નામે વિખ્યાત થશે. (શ્રી સત્સંગિજીવન : ૧/૨૪/૨૬)

કૃષ્ણ શબ્દના બે અર્થ **'શબ્દકલ્પદ્રુમ'** નામના શબ્દકોષમાં આ પ્રમાણે આપેલા છે :

'कृषिर्भूवाचकः शब्दो ण श्च निर्वृत्तिवाचकः ।
तयोरैक्यं परंब्रह्म कृष्ण ईत्यभिधीयते ।।' - 'કૃષિ' એ ભૂ(વિપુલતા)વાચક શબ્દ છે. અર્થાત્ 'કૃષ'નો અર્થ પુષ્કળ થાય છે અને 'ણ' શબ્દનો અર્થ નિર્વૃત્તિ=સુખ થાય છે. એ બંનેના ઐક્યરૂપ જે પરબ્રહ્મ તેને 'कृष्ण' કહેવામાં આવે છે.

'कर्षति आत्मसात् करोति आनन्दत्वेन परिणमयति मनो भकतानाम् इति कृष्णः ।।'

અર્થ :- જે પોતાનામાં રહેલા આનંદથી ભક્તોના મનને પોતાનામાં આકર્ષે છે, ખેંચે છે તે **કૃષ્ણ** છે.

'कर्षति सर्वान् स्वकुक्षौ प्रलयकाले ईति कृष्णः ।।'

અર્થ :- પ્રલયકાળે પોતાની કુક્ષિમાં જગતમાત્ર અને

અનંતકોટિ બ્રહ્માંડને ખેંચી લે તે **કૃષ્ણ** છે.

આમ, 'કૃષ્ણ' શબ્દ અનાદિ સનાતન એવું જે પોતાનું ધામ તેને વિષે રહેલ **સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ** પુરુષોત્તમનારાયણ (શ્રી સ્વામિનારાયણ) માટે જ વપરાયેલ છે.

બ્રહ્મવૈવર્તપુરાણમાં વપરાયેલ 'શ્રીકૃષ્ણ' શબ્દ :

હવે બ્રહ્મવૈવર્તપુરાણમાં આ **'કૃષ્ણ'** શબ્દનો અર્થ જોઈએ :

'कृषिस्तद्भक्तिवचनो नश्च तद् दास्यवाचकः ।
भक्तिदास्यप्रदाता यः स कृष्णः परिकीर्तितः ।।'

(બ્રહ્મવૈવર્તપુરાણ : ૧૩/૨૫)

કૃષિ : એટલે **ભક્તિ,** નઃ = એટલે **દાસત્વ**
ભક્તિ અને દાસત્વ આપે તે **'કૃષ્ણ'** છે.

હવે **બીજો અર્થ** જોઈએ...

'कृषिश्च सर्ववचनो नकारो बीजवाचकः ।
सर्वबीजं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ।।'

(બ્રહ્મવૈવર્તપુરાણ : ૧૩/૨૬)

કૃષિ : એટલે **સર્વ**નો વાચક શબ્દ છે, નઃ = **બીજ**ના અર્થનો વાચક છે.

સર્વના બીજરૂપ જે પરબ્રહ્મ જે છે તે **'કૃષ્ણ'**ના નામે ઓળખાય છે.

આમ, અહિં પણ કોઈપણ વ્યક્તિ વિશેષને કૃષ્ણ શબ્દનો નિર્દેશ ન કરતા સનાતન અક્ષરધામમાં રહેલા **પરબ્રહ્મ** પુરુષોત્તમનારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** માટે વપરાયેલ આ 'કૃષ્ણ' શબ્દ છે.

શ્રીમદ્ ભાગવતમાં વપરાયેલ 'શ્રીકૃષ્ણ' શબ્દ :

હવે શ્રીમદ્ ભાગવતમાં 'કૃષ્ણ' શબ્દ કોના કોના માટે ક્યાં ક્યાં વાપરવામાં આવ્યો છે તે જોઈએ :-

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય મંગલાચરણનો આરંભ શ્લોક :

'कृष्णं नारायणं वन्दे कृष्णं वन्दे व्रजप्रियम् ।
कृष्णं द्वैपायनं वन्दे कृष्णं वन्दे पृथासुतम् ।।'

અર્થ :- નારાયણ એવા **કૃષ્ણ**ને, વ્રજવાસીઓને પ્રિય એવા અથવા વ્રજ જેને પ્રિય છે એવા કૃષ્ણને તથા **'કૃષ્ણદ્વૈપાયન'** નામધારણ કર્યું છે તેવા શ્રી વ્યાસને અને કુંતીના પુત્ર **અર્જુનકૃષ્ણ**ને હું વંદુ છું.

(શ્રીમદ્ ભાગવત : ગીતા પ્રેસ - ગોરખપુર. સં./ગુ. ૨૦૦૪ પ્રકાશન)

અહીં ચાર વ્યક્તિઓનો **'કૃષ્ણ'** તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.

(૧) ભગવાન નારાયણ (૨) વ્રજચંદ રાસરમણ નંદયશોદાના પુત્ર શ્રી કૃષ્ણ ભગવાન (૩) સત્યવતીનંદન પરાશરપુત્ર શ્રી વ્યાસ ભગવાન અને ૪) અર્જુન.

હવે શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય ભાગનો આ શ્લોક જ એ સાબિત કરી આપે છે કે "ગોકુલવાસી કૃષ્ણ જે રાધિકાના પતિ છે તેને શ્રીમદ્ ભાગવત પણ અનાદિ સર્વેશ્વર પરબ્રહ્મ **પુરુષોત્તમનારાયણ** તરીકે સ્વીકારતું નથી, પરંતુ તેમના **એક અંશ** અથવા અવતાર તરીકે જ વર્ણન કરે છે. જેથી જ આ શ્લોકમાં જ **અક્ષરધામના અધિપતિ** સર્વાવતારી પુરુષોત્તમનારાયણ (શ્રી સ્વામિનારાયણ) અને દેવકીનંદન શ્રીકૃષ્ણને જુદા જુદા વંદન કરે છે. આ શ્લોક જ **અવતાર-અવતારીનો ભેદ** ખુલ્લો પાડી દે છે."

આમ, અનેક શાસ્ત્રોમાં વસુદેવ-દેવકીના પુત્ર મોરલીધર શ્રીકૃષ્ણ કરતા ક્યાંય અલગ **પરમતત્ત્વ પરબ્રહ્મ** માટે પણ શાસ્ત્રોમાં **'શ્રીકૃષ્ણ'** શબ્દ વપરાયેલો છે.

હવે, શ્રીમદ્ ભાગવત - સ્કંધ ૪, અધ્યાય - ૧૨, શ્લોક - ૩૮નો સંદર્ભ જોઈએ :-

'इत्युत्तानपदः पुत्रो ध्रुवः कृष्णपरायणः ।
अभूत्त्रयाणां लोकानां चूडामणिरिवामलः ।।'

અહીં પણ મનુના દીકરા ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ **'કૃષ્ણપરાયણ'** રહેતા હતા તેવો ઉલ્લેખ છે.

હવે મોરલીધર શ્રીકૃષ્ણ તો દ્વાપરયુગમાં મનુની ૫૧મી પેઢીમાં પ્રગટ થયા હતા. અને ધ્રુવ તો મનુની બીજી જ પેઢીમાં થયા છે. મનુના પુત્ર ઉત્તાનપાદ અને તેના પુત્ર ધ્રુવ. તો ધ્રુવ ક્યા કૃષ્ણનું ભજન કરીને તે પરાયણ થયા હતા?

તો તેનો એક જ ઉત્તર છે કે અહિં કૃષ્ણ કહ્યા છે તે દેવકીનંદન શ્રીકૃષ્ણ નહિ પણ તેથી ભિન્ન તેના અવતારી સર્વેશ્વર પરમતત્ત્વ પરબ્રહ્મ એ જ 'કૃષ્ણ'નો અહિં ઉલ્લેખ છે.

તેથી આગળ..., સ્કંધ - ૫, અધ્યાય - ૧૨, શ્લોક - ૧૫માં **જડભરતાખ્યાન** આવે છે તેમાં જડભરત રહુગણ રાજાને કહે છે :-

'सा मां स्मृतिर्मृगदेहेऽपि वीर ! कृष्णार्चनप्रभवा नो जहाति ।
अथोऽहं जनसङ्गादसङ्गो विशङ्कमानोऽविवृतश्चरामि ।।'

અર્થાત્ હે વીર ! ભગવાન શ્રીકૃષ્ણની આરાધનાના પ્રભાવથી તે મૃગયોનિમાં પણ મારી પૂર્વજન્મની સ્મૃતિ લુપ્ત ન થઈ. એથી જ હું અત્યારે જનસંસર્ગથી ડરીને હંમેશા અસંગભાવથી ગુપ્તરૂપે જ વિચરતો રહું છું.

અહીં જે કૃષ્ણ કહ્યા તે દેવકીનંદન કૃષ્ણ તો નથી જ એ નિશ્ચિત જ છે. કારણ કે આપણને સૌને ખબર છે કે

ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત જેનો ત્રીજો જન્મબ્રાહ્મણના પુત્ર તરીકે થયેલો તે જડભરત દેવકીનંદન રાસરમણ મોરલીધર શ્રીકૃષ્ણ કરતા તો સેંકડો વર્ષો પૂર્વે થયા હતા. તેમ છતાં તેઓ કૃષ્ણના અર્ચનની વાત કરે છે ને કૃષ્ણની આરાધનાની વાત કરે છે. તેથી અહિં તેઓ જે કૃષ્ણની આરાધનાની વાત કરે છે તે **અનાદિ પરમતત્ત્વ** પરબ્રહ્મ **પુરુષોત્તમનારાયણ** માટે જ કરી છે ન કે મોરલીધર રાધિકાના પતિ શ્રીકૃષ્ણ ભગવાન માટે.

આનાથી પણ આગળ..., સ્કંધ - ૭, અધ્યાય - ૫, શ્લોક - ૩૦, પ્રહ્લાદજી આખ્યાનમાં પ્રહ્લાદજી પોતાના પિતા હિરણ્યકશિપુને કહે છે :-

'मतिर्न कृष्णे परतः स्वतो वा मिथोऽभिपद्येत गृहव्रतानाम् ।
अदान्तगोभिर्विशतां तमिस्त्रं पुनः पुनश्चर्वितचर्वणानाम् ।।'

અર્થ :- હે પિતાજી ! સંસારી લોકો તો દળેલું ફરી દળે છે, ચાવેલું ફરી ચાવે છે. તેમની ઈન્દ્રિયો વશમાં નહિ હોવાને કારણે તેઓ ભોગવેલા વિષયભોગોને ફરી ફરી ભોગવવા માટે સંસારરૂપી ઘોર નરક ભણી જઈ રહ્યા છે. આવા ગૃહાસક્ત મનુષ્યોની બુદ્ધિ આપમેળે કોઈના શીખવવાથી અથવા પોતાના જેવા જ લોકોના સંગને લીધે ભગવાન શ્રીકૃષ્ણમાં જોડાતી નથી.

આ વાક્ય પ્રહ્લાદજી સત્યુગમાં બોલેલા છે, જ્યારે દેવકીનંદન ભગવાન શ્રીકૃષ્ણનું અવતરણ જ આ પૃથ્વી પર થયું ન હતું. તો પ્રહ્લાદજી ક્યા શ્રીકૃષ્ણમાં ગૃહાસક્ત લોકોની બુદ્ધિ જોડાતી નથી એમ કહે છે.

અવતારવાદના ક્રમ પ્રમાણે તો શ્રી નૃસિંહ પછી શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રીરામ અને પછી શ્રીકૃષ્ણ થયા છે. તો પાંચ અવતાર પહેલાના ક્યા **'શ્રીકૃષ્ણ'**માં બુદ્ધિ રાખવાનું પ્રહ્લાદજી કહી રહ્યા છે ?

માટે આ સંદર્ભોમાં વપરાયેલ **'કૃષ્ણ'** શબ્દ સર્વોપરી, સર્વનિયંતા, સર્વાવતારી **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ** (ભગવાન શ્રી સ્વામિનારાયણ) માટે જ વપરાયેલ છે, એમ કહેવું સર્વથા યોગ્ય છે.

ઋગ્વેદમાં વપરાયેલ 'શ્રીકૃષ્ણ' શબ્દ :

ઋગ્વેદમાં પણ 'કૃષ્ણ' શબ્દ અનેકવાર વાપરવામાં આવ્યો છે તે જોઈએ :-

પ્રથમ મંડળ, સૂક્ત ૧૧૬, શ્લોક - ૨૩માં અશ્વિનીકુમારની સ્તુતિ કરવામાં આવી છે કે -

'अवस्यते स्तुवते कृष्णियाय ऋजूयते नासत्या शचीभिः ।
पशुं न नष्टमिव दर्शनाय विष्णाप्वं ददथुर्विश्वकाय ।।'

અર્થ :- હે સત્યથી યુક્ત અશ્વિનીકુમારો ! આપ બંનેની પ્રાર્થના કરનારા અને પોતાની રક્ષા માટે ઈચ્છુક સરળ માર્ગેથી જનારા, **કૃષ્ણ પુત્ર** વિષ્વકના વિનષ્ટ થયેલા પુત્ર વિષ્ણાપ્વને, ખોવાયેલા પશુ સમાન શોધીને આપ બંનેએ સામર્થ્ય શક્તિથી, દર્શન માટે ઉપસ્થિત કરી દીધો.

તથા પ્રથમ મંડળ સૂક્ત ૧૧૭, શ્લોક - ૭માં પણ **સ્તુતિ** કરે છે કે -

'युवं नरा स्तुवते कृष्णियाय विष्णाप्वं ददथुर्विश्वकाय ।
घोषायै चित्पितृषदे दुरोणे पति जूर्यन्त्या अश्विनावदत्तम् ।।'

અર્થ :- હે નેતૃત્વ પ્રદાન કરનારા અશ્વિનીકુમારો ! આપ બંનેએ પ્રાર્થના કરનારા **કૃષ્ણના પૌત્ર** તથા વિશ્વકના પુત્ર વિષ્ણાપ્વને એના પિતાની પાસે પહોંચાડ્યો. પિતાના ઘરમાં જ રોગી અને વૃદ્ધા (ડોશી)ના રૂપમાં રહેનારીને રોગમુક્ત કરી નવયુવતી બનાવી સુયોગ્ય વર આપ બંનેએ જ પ્રદાન કર્યો.

તેથી આગળ..., મંડળ ૮, સૂક્ત - ૯૬, શ્લોક - ૧૩,૧૪માં કૃષ્ણ નામના **અસુર**નું વર્ણન આવે છે કે -

'अव द्रप्सो अंशुमतीमतिष्ठदियानः कृष्णोदशभिः सहस्रैः ।
आवत्तमिन्द्रः शच्या धमन्तमप स्नेहितीर्नृमणा अधत्त ।।१३।।'

અર્થ :- ત્વરિત ગતિશીલ, દશ હજાર સૈનિકો સાથે આક્રમણ કરનારા, સંપૂર્ણ સંસારને દુઃખ દેનારા 'અંશુમતી' નદી (યમુના)ના તટ ઉપર વિદ્યમાન **કૃષ્ણાસુર** ઉપર સર્વ પ્રિય ઈન્દ્રદેવે પ્રત્યાક્રમણ કરીને શત્રુઓની સેનાને હરાવી દીધી.

'द्रप्समपश्यं विषुणे चरन्तमुपह्वरे नद्यो अंशुमत्याः ।
नभो न कृष्णमवतस्थिवांसमिष्यामि वो वृषणो युध्यताजौ ।।१४।।'

અર્થ :- ઈન્દ્રદેવે કહ્યું :- ''અંશુમતી નદીના તટ ઉપર ગુફાઓમાં ઘૂમતા 'કૃષ્ણાસુર'ને અમોએ સૂર્યની જેમ જોઈ લીધેલ છે. હે શક્તિશાળી મરુતો ! અમો આપના સહયોગની આકાંક્ષા રાખીએ છીએ. આપ સંગ્રામમાં એમનો સંહાર કરો.''

અહીં 'કૃષ્ણ' નામના અસુરને ઈન્દ્રે હરાવ્યો તેવું વર્ણન આવે છે.

મંડળ ૧૦, સૂક્ત - ૪૨, ૪૩, ૪૪માં **'કૃષ્ણ આંગિરસ'** નામના ઋષિ ઈન્દ્રદેવની સ્તુતિ કરે છે.

તો આમ, અહિં **કૃષ્ણ** શબ્દ એક ઋષિનો નિર્દેશ કરીને પણ વપરાયેલો છે.

મહાભારત પુરાણમાં થયેલ 'કૃષ્ણ' શબ્દનો વિવિધાર્થી પ્રયોગ :

હવે 'મહાભારત'માં **'કૃષ્ણ' શબ્દ** કોના કોના માટે ક્યાં ક્યાં વાપરવામાં આવ્યો છે, તે જોઈએ :

૧) પરાશર પુત્ર સત્યવતીનંદન ભગવાન વ્યાસ માટે...

આદિપર્વમાં અધ્યાય - ૫૫, શ્લોક - ૭માં આસ્તિક

પરીક્ષિતના પુત્ર જનમેજયરાજાને કહે છે કે -

'कृष्णस्य यज्ञः सत्यवत्याः सुतस्य...।।'

અર્થ :- હે પરીક્ષિત પુત્ર ! સત્યવતીના પુત્ર કૃષ્ણે (વ્યાસે) પોતે જ કર્માનુષ્ઠાન કરીને જેવો યજ્ઞ કર્યો હતો, તેવો જ આ તારો યજ્ઞ છે.

૨) કુંતીપુત્ર અર્જુન માટે...

આશ્વમેધિક પર્વમાં અધ્યાય - ૭૭, શ્લોક - ૮માં વૈશંપાયન ઋષિ અર્જુનનું સૈંધવો સાથેના યુદ્ધનું વર્ણન કરે છે કે -

'ते समीक्ष्य च तं कृष्णमुग्रकर्माणमाहवे ।।'

અર્થ :- રણમાં ઉગ્ર કર્મ કરનારા તે કૃષ્ણ (અર્જુન)ને જોતાં જ તે સર્વ વીર રાજાઓ રથમાં બેસીને પગપાળા અર્જુનની સામે યુદ્ધ કરવા મચી પડ્યા.

આદિપર્વમાં અધ્યાય - ૨૨૨, શ્લોક - ૩૩માં 'કૃષ્ણ' શબ્દ વસુદેવ-દેવકીનંદન દ્વારિકેશ કૃષ્ણ અને અર્જુન એમ બંને માટે વપરાયો છે.

જ્યારે અગ્નિદેવ સ્વયં બ્રાહ્મણનું રૂપ લઈને આવે છે ત્યારે તેને જોઈને...,

'उपसृष्टं तु तं कृष्णौ भ्राजमानं द्विजोत्तमम् ।
अर्जुनो वासुदेवश्च तूर्णमुत्पत्य तस्थतुः ।।'

અર્થ :- તે તેજસ્વી દેદીપ્યમાન દેખાતા બ્રાહ્મણને પાસે આવેલો જોઈને બંને કૃષ્ણ (વાસુદેવ શ્રીકૃષ્ણ અને અર્જુન એમ બંને) તરત ઊઠીને ઊભા થયા.

અહિં 'कृष्णौ' એટલે કે દ્વિવચનનું રૂપ છે. તેથી બે વ્યક્તિને **'કૃષ્ણ'** નામથી અહિં કહ્યા છે.

એક કૃષ્ણ ભગવાન વાસુદેવ **શ્રીકૃષ્ણ** અને બીજા કુંતીપુત્ર કુરુનંદન **અર્જુન.**

૩) એક નાગ વિશેષ માટે...

સભાપર્વમાં અધ્યાય - ૯, શ્લોક - ૮ થી ૧૨માં વરુણની સભામાં ઉપસ્થિત રહેલા નાગોનું વર્ણન છે કે -

નારદજી બોલ્યા : "હે પૃથ્વીપતિ યુધિષ્ઠિર ! વાસુકિ, તક્ષક, ઐરાવત, કૃષ્ણ, લોહિત, પદ્મ, વીર્યવાન, ચિત્ર, કમ્બલનાગ, અશ્વતરનાગ, ધૃતરાષ્ટ્ર, બલાહક, મણિમાન, કુંડક, કર્કોટક, ધનંજય, પાણિમાન, કુંડધાર, બળવાન પ્રહ્લાદ, જનમેજય અને બીજા અનેક પતાકાવાળા, મોટી કાયાવાળા તથા ફણાવાળા સૌ નાગો એ સભામાં વગર થાક્યે મહાત્મા, વરુણને ઉપાસે છે."

અહીં **'કૃષ્ણ'** નામનો એક નાગ છે તેવો ઉલ્લેખ છે.

૪) એક પર્વત વિશેષ માટે...

ભીષ્મપર્વમાં અધ્યાય - ૧૨, શ્લોક - ૪માં **'કૃષ્ણ'** નામના પર્વતનો ઉલ્લેખ છે કે -

સંજય બોલ્યો : "હે રાજન ! એ દ્વિપમાના મધ્યદ્વિપમાં 'ગૌર' નામનો મહાન પર્વત છે અને તે મનઃશિલનો છે. પશ્ચિમદ્વિપમાં નારાયણને પ્રિય એવો 'કૃષ્ણ' નામનો પર્વત છે. ત્યાં પોતે જ દિવ્ય રત્નોનું રક્ષણ કરે છે."

૫) કાર્તિકેયના એક સૈનિકનું નામ...

શલ્યપર્વમાં અધ્યાય - ૪૫, શ્લોક - ૫૭માં વૈશંપાયન ઋષિ જનમેજય રાજાને કાર્તિકેયના સૈનિકોના નામ કહે છે કે, "હે રાજન્ ! કાર્તિકેયના બીજા જે સૈનિકો હતા... હું તેમના નામ તમને કહું છું તે સાંભળો :- શંકુકર્ણ, નિકુંભ, પદ્મ, કુમુદ, અનંત, દ્વાદશભુજ, **કૃષ્ણ**...આદિક"

૬) શાંતિપર્વમાં અધ્યાય - ૪૭, શ્લોક - ૧૨માં

ભીષ્મપિતાએ દેહત્યાગ કર્યો ત્યારે તેમની બાણશય્યા પાસે ઊભેલા ઋષિઓના નામ કહ્યા છે, તેમાં ૫૩મું નામ **'કૃષ્ણ'** છે. જે એક ઋષિનું નામ છે.

૭) શિવના સહસ્રનામોમાંનું એક નામ...

અનુશાસન પર્વમાં અધ્યાય - ૧૭, શ્લોક - ૪૫માં **'શિવસહસ્રનામસ્તોત્ર'** છે તેમાં શિવજીનું ૧૨૮મું નામ 'કૃષ્ણ' પણ છે.

'दीर्घश्च हरिकेशश्च सुतीर्थः कृष्ण एव च ।।'

૮) આશ્વમેધિક પર્વમાં અધ્યાય - ૮, શ્લોક - ૨૪માં

શિવજીની સ્તુતિ આવે છે તેમાં શિવજીની 'કૃષ્ણ' નામથી પણ સ્તુતિ કરવામાં આવી છે.

'महादेवाय कृष्णाय...' - 'મહાદેવને કૃષ્ણને...'

આમ, **શાસ્ત્રોમાં** 'કૃષ્ણ' શબ્દ જુદા જુદા અર્થમાં તેમજ જુદી જુદી વ્યક્તિ માટે વપરાયેલ છે. તેથી જ્યાં જ્યાં **'કૃષ્ણ'** શબ્દ આવે ત્યાં ત્યાં તે વસુદેવ દેવકીના પુત્ર શ્રીકૃષ્ણનો જ નિર્દેશ છે એવું માનવું યોગ્ય નથી. એ જ પ્રમાણે **વચનામૃતમાં પણ** જ્યાં જ્યાં **'શ્રીકૃષ્ણ'** શબ્દ આવે છે, ત્યાં ત્યાં સર્વત્ર તે શબ્દ ફક્ત એક જ વ્યક્તિનો વાચક નથી, એ સમજી રાખવું આવશ્યક છે.

વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો (અનેકાર્થી) પ્રયોગ

સંપૂર્ણ વચનામૃતમાં **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ નીચે પ્રમાણે **ચાર અર્થો**માં થયેલ જોવા મળે છે :

૧. મથુરામાં પ્રગટ થયેલ નંદ-યશોદાના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન માટે...

૨. અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ માટે...

૩. પ્રત્યક્ષ નયનગોચર મનુષ્યરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે...

૪. કોઈપણ પ્રકારના સ્પષ્ટ ઉલ્લેખ વગર...

વચનામૃતમાં વપરાયેલ **'શ્રીકૃષ્ણ'** શબ્દને આ ચારમાંથી કોઈપણ એક વિભાગમાં મૂકી શકાય. **વચનામૃતના શબ્દો**થી જ આ **ચાર વિભાગ**ને આપણે ક્રમશઃ સમજવાનો પ્રયાસ કરીશું :

૧) વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ : મથુરામાં પ્રગટેલ નંદ-યશોદાના પુત્ર ગોલોકવાસી તરીકે...

વચનામૃતમાં ઘણી જગ્યાએ જેમના જીવન, કાર્ય અને ચરિત્રોનું આલેખન શ્રીમદ્ ભાગવત અને મહાભારત વગેરે ગ્રંથોમાં કરવામાં આવ્યું છે, તે રાધિકાના પતિ ગોલોકવાસી શ્રીકૃષ્ણ ભગવાન માટે **'શ્રીકૃષ્ણ'** શબ્દ વપરાયેલ છે. આ 'શ્રીકૃષ્ણ' શબ્દ જ્યાં વપરાયેલ છે તેની આગળ-પાછળના સંદર્ભોને આધારે આપણે સ્પષ્ટપણે કહી શકીએ કે અહીં આ 'શ્રીકૃષ્ણ' શબ્દ વસુદેવ દેવકી થકી પ્રગટ થયેલા નંદ-યશોદાના ઘેર ઉછરેલા 'શ્રીકૃષ્ણ' ભગવાન માટે વપરાયેલ છે.

હવે આ શ્રીકૃષ્ણ શબ્દ **ગોલોકવાસી** શ્રીકૃષ્ણને ઉદ્દેશીને ત્રણ રીતે વપરાયેલ છે.

૧. દૃષ્ટાંત રૂપે...

૨. શ્રીમદ્ ભાગવત - શ્રી ભગવદ્ગીતાના સંદર્ભોના ઉલ્લેખ રૂપે...

૩. ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારોમાં ઉલ્લેખ રૂપે...

આ ત્રણેય રીતે ગોલોકવાસી વૃન્દાવનવિહારી એટલે ભાગવત, મહાભારતાદિક ગ્રંથોમાં નિરૂપિત શ્રીકૃષ્ણ ભગવાન માટે વપરાયેલ 'શ્રીકૃષ્ણ' શબ્દને જોઈએ :

વચનામૃતમાં દૃષ્ટાંત રૂપે : 'શ્રીકૃષ્ણ' શબ્દ :

શ્રીજીમહારાજે **અધ્યાત્મની ગહન વાતો**ને સમજાવવા માટે ઈતિહાસ અને પુરાણોના **દૃષ્ટાંતો, પ્રસંગો અને પાત્રો**નો **ઉલ્લેખ** કર્યો છે. એમાંય વિશેષ કરીને તો શ્રીમદ્ ભાગવત અને મહાભારતના દૃષ્ટાંતો, પ્રસંગો અને પાત્રોનો વધારે ઉલ્લેખ કર્યો છે. તેમાં પણ સૌથી વધારે શ્રીકૃષ્ણ ભગવાન અને તેમની સાથે સંબંધિત અર્જુન, ગોપીઓ, ઉદ્ધવ, પરીક્ષિત, શુકદેવજી, રાધિકા, શ્રીદામા વગેરેના ઉલ્લેખો વધુ જોવા મળે છે. આપણે જે જે

વચનામૃતમાં **'શ્રીકૃષ્ણ'** શબ્દનો **પ્રયોગ** દૃષ્ટાંત રૂપે થયેલ છે, તેનો **ઉલ્લેખ** જોઈશું. જેમ કે -

ગ. પ્ર. ૪ :- "...પછી (નારદજી) તુંબરું પાસે ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન આગળ દ્વારિકામાં ગાવતા હવા, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા..."

ગ. પ્ર. ૩૧ :- "...જેમ શિશુપાળ એમજ કહેતો જે પાંડવ તો વર્ણસંકર છે ને પાંચ જણે એક સ્ત્રી રાખી માટે અધર્મી પણ છે અને કૃષ્ણ છે તે પણ પાખંડી છે..."

ગ. પ્ર. ૪૨ :- "...અને પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સંગાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રીતિ કરી તો પણ સર્વે ભગવાનની માયાને તરી ગઈયો..."

ગ. પ્ર. ૬૬ :- "...જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની પ્રતિજ્ઞા રાખવાને કાજે બ્રાહ્મણનો પુત્ર લેવાને ગયા ત્યારે દ્વારિકામાંથી રથ ઉપર બેસીને અર્જુન સહિત ચાલ્યા..."

ગ. પ્ર. ૭૩ :- "...કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા, તેનો કામદેવને અતિશય ગર્વ થયો તે ગર્વને ઉતારવાને કાજે ભગવાને કામદેવને પડકાર્યો..., ...એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો..."

ગ. પ્ર. ૭૩ :- "...માટે શ્રીકૃષ્ણભગવાને સ્ત્રીઓને સંગે રહીને કામને જીત્યો..., દુર્વાસા સર્વે ગોપીઓના થાળ જમી ગયા એ ચરિત્ર કહ્યું..."

સા. ૩ :- "...અને એવી રીતે માહાત્મ્ય ને શ્રદ્ધા વિનાના સર્વે યાદવ શ્રીકૃષ્ણ ભગવાન ભેળા જ રહેતા અને જેમ બીજા રાજાની સેવાચાકરી કરે તેમ સેવાચાકરી કરતા તો પણ તેનું કોઈ નામ જાણતું નથી..."

કા. ૮ :- "...અને એ જ શ્રીકૃષ્ણભગવાન તેણે પોતાની માતા જે યશોદાજી તેને પોતાના મુખને વિષે અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું અને વળી અર્જુનને પોતાની મૂર્તિને વિષે વિશ્વરૂપ દેખાડ્યું..."

કા. ૯ :- "...અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાંને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્યવાળાં કહ્યાં છે..."

કા. ૧૧ :- "...જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનના નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની મરજી દેખી નહિ..."

લો. ૬ :- "...જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, 'અશ્વત્થામાનું માથું કાપી નાખો.' પછી તે વચન અર્જુને ન માન્યું..."

લો. ૧૨ :- "...જેમ રાસપંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે, 'ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ?' ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે, 'શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે, તે જે જે શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે.'..."

લો. ૧૫ :- "...તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ ભેળે ગોપીઓને કહેવરાવ્યું છે જે, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને જીવ તેના આશ્રયપણે કરીને તમારે સમીપે હું રહ્યો છું..., ...અને જે હું દેખાતો નથી તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો, પણ રહ્યો તો મૂર્તિમાન છું."

લો. ૧૮ :- "...અને શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ જન્મ સમયમાં વસુદેવ દેવકીને ચતુર્ભુજ રૂપે દર્શન દીધું...", "...જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો..."

પં. ૩ :- "...જેમ સોળ હજાર ને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી...", "...એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી પણ જો ભગવાન કરતા સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી..."

પં. ૪ :- "...પછી શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું મનુષ્યપણે દર્શન અર્જુનને આપ્યું ત્યારે અર્જુનને સુખ થયું..."

પં. ૬ :- "...શ્રીકૃષ્ણ જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઈ નથી થયો..."

પં. ૭ :- "...જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નિયો જે રૂક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી..."

મ. ૯ :- "...પછી જ્યારે ભારતી લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે..., ...હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ; તું કાંઈ શોક કરીશ મા..."

મ. ૧૦ :- "...એ વાર્તા કૃષ્ણતાપિની ઉપનિષદમાં કહી છે જે, જ્યારે દુર્વાસાઋષિ વૃંદાવનને વિષે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, દુર્વાસા ભૂખ્યા છે માટે સર્વે થાળ લઈને જાઓ..."

મ. ૧૩ :- "...તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિને ખોળામાં લઈને રૂક્મિણીજી બળી મૂવા તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિષે બળી ગયો..."

મ. ૧૮ :- "...તેમાં નાસ્તિક તો એમ સમજે છે જે, રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ ભગવાન એ તો રાજા હતા અને શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તથા પરસ્ત્રીના સંગ કીધા માટે ત્રીજા

નરકમાં પડ્યા છે...''

મ. ૧૯ :- ''...આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દૃઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે નારદના જેવી દૃઢ ભક્તિ થશે. અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે...''

મ. ૨૬ :- ''...જેમ રાધિકાજી ઘણાં મોટા હતા અને ભગવાનને વિષે પ્રેમ પણ અતિશય હતો, પણ જ્યારે પોતામાં ગુણ માન્યો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અવગુણ માન્યો, ત્યારે પોતાના પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો...''

મ. ૩૯ :- ''...અને પંચમસ્કંધને વિષે તો એ શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા એ શ્રીકૃષ્ણ ભગવાન જે તે આ જગતની સ્થિતિને અર્થે ને પોતાના ભક્તજનને સુખ આપવાને અર્થે અનેક પ્રકારની મૂર્તિઓને ધારીને ખંડ ખંડ પ્રત્યે રહ્યા છે..., અને એ જ જે શ્રીકૃષ્ણ વાસુદેવ તેણે વસુદેવ-દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજ રૂપે અદ્‌ભુત બાળક થકા દર્શન દીધું...''

મ. ૪૨ :- ''...જેમ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે થયા...''

મ. ૫૮ :- ''...અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેને દશમસ્કંધ અને એકાદશસ્કંધ એ બે જે ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય...''

મ. ૬૨ :- ''...જેમ ગોપીઓએ જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસથી જેટલા સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવા થઈ ગયાં...''

મ. ૬૫ :- ''...શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ શ્રીમદ્ ભાગવતને ભણતા હવા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દૃઢ ભક્તિને કરતા હવા...''

વર. ૬ :- ''...તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપણી જે પૂતના, તેણે ભગવાનને ઝેર પાયું. તેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જે યશોદાજી તે બરોબર ગતિ આપી...''

વર. ૧૩ :- ''...જેમ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરીને ગોકુળવાસી સર્વેને સમાધિ થઈ હતી અને ભગવાને તે સમાધિમાં પોતાનું ધામ દેખાડ્યું હતું...''

અં. ૩ :- ''...જેમ અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો હતો પણ એને કુસંગનો પાશ લાગ્યો હતો માટે શ્રીકૃષ્ણ ભગવાન ને તે ભગવાનના ભક્ત જે પાંડવ તેને વિષે દયા ને સ્નેહ થયા નહિ...''

વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ : શ્રીમદ્ ભાગવત - શ્રી ભગવદ્‌ગીતાના સંદર્ભોના ઉલ્લેખ રૂપે...

શ્રીજીમહારાજે વચનામૃતમાં કેટલીક જગ્યાએ શ્રીમદ્ ભાગવત કે ગીતાના સંદર્ભો ટાંકતી વખતે 'શ્રીકૃષ્ણ ભગવાને **શ્રીમદ્ ભાગવતમાં** કહ્યું છે' અથવા 'શ્રીકૃષ્ણ ભગવાને **ગીતામાં** એમ કહ્યું છે જે,...' ...આવા ઉલ્લેખો કર્યા છે, અને પછી તે તે ગ્રંથોના શ્લોકની ટાંક પૂરી છે. તે વચનામૃતો....

ગ. પ્ર. ૧૫, ૫૬, ૭૦ - સા. પ્ર. ૬ - લો. પ્ર. ૭, ૧૮ - પં. પ્ર. ૬ - મ. પ્ર. ૧, ૮, ૯, ૧૩, ૧૬, ૨૦, ૩૯, ૫૪, ૬૪ - વર. પ્ર. ૫, ૧૦, ૧૨, ૧૮ - અં. પ્ર. ૨

આ રીતે શ્રીજીમહારાજે પોતાની વાતને પુષ્ટિ આપવા અને પૂર્વના શાસ્ત્રોને આધારે પ્રમાણિત કરવા માટે શ્રીમદ્ ભાગવત અને ભગવદ્‌ગીતાના સંદર્ભો ટાંકતી વખતે **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ અનેકવાર કર્યો છે.

વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ : રામ-કૃષ્ણાદિક અવતારોમાં ઉલ્લેખ રૂપે...

વચનામૃતોમાં 'ભગવાન જીવોના કલ્યાણાર્થે રામકૃષ્ણાદિકરૂપે પ્રગટ થાય છે' એ પ્રકારના જુદા જુદા શબ્દોમાં સર્વાવતારી નારાયણના ઐશ્વર્યરૂપ અવતારો થાય છે, તેમ કહ્યું છે. અહિં અવતારોમાં જે 'કૃષ્ણ' શબ્દનો ઉપયોગ થયો છે તે ગોકુળવાસી વૃંદાવનવિહારી રાસરમણ **ગોલોકવાસી શ્રીકૃષ્ણ**નો જ નિર્દેશ છે, પરંતુ અક્ષરધામનિવાસી પ્રગટ પ્રમાણ સર્વોપરી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો નિર્દેશ નથી.

હવે જેમાં પ્રત્યક્ષ ભગવાનનો નિર્દેશ છે તે **વચનામૃતો**ને આપણે જોઈએ...

ગ. પ્ર. ૭૮ :- ''...એવી રીતે સર્વ શાસ્ત્રમાં ભગવાનના ચરિત્ર કહ્યા છે. તેથી જ્યારે ભગવાન કોઈક નવા ચરિત્ર કરે ત્યારે સંશય કરજ્યો, પણ જ્યાં સુધી પૂર્વ અવતાર થયા છે, તેના જેવા ચરિત્ર કરે ત્યાં સુધી તો સંશય કરવો નહિ...''

''...મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, પરશુરામઅને **રામકૃષ્ણાદિક** એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, જે ભગવાને **રામકૃષ્ણાદિક** અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે...''

''...અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ; એ જે ચતુર્વ્યૂહ તે તથા કેશવાદિક જે ચોવિશ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ **સર્વેના કારણ...**''

લો. ૭ :- ''...શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા, તેણે કરીને જેમ કલ્યાણ નથી તેમજ **રામકૃષ્ણાદિક** ભગવાનના અવતાર હતા, ત્યારે તેમને સર્વે મનુષ્યે પ્રત્યક્ષ દીઠા હતા; તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ?...''

લો. ૯ :- ''...તથા **રામકૃષ્ણાદિક** જે ભગવાનના અવતાર, તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઊપજે...''

લો. ૧૧ :- "...અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા, તે મૂર્તિનું ધ્યાન ન કરવું..."

લો. ૧૪ :- "...તથા ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ કે, એ સર્વે અવતાર નારાયણના છે..."

"...બીજા સર્વે અવતાર કરતાં આ અવતાર બહુ મોટો થયો..."

લો. ૧૮ :- "...તે જ ભગવાન મત્સ્ય, કચ્છ, વરાહાદિક રૂપને તથા **રામકૃષ્ણાદિક** રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે પણ જે એ પોતાનું મૂળ રૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ નથી કરતા..."

પં. ૨ :- "...અને સાંખ્યવાળા છે તે આકારનું ખંડન કરે છે તે ભેળે તીર્થ, વ્રત, પ્રતિમા, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા **રામકૃષ્ણાદિક અવતાર** એ સર્વેનું ખંડન કરે છે..."

પં. ૭ :- "...અને તે જ ભગવાન **રામકૃષ્ણાદિક મૂર્તિઓ**ને ધારણ કરે છે..."

મ. ૨૧ :- "...અને જેવું પરોક્ષ ભગવાનના **રામકૃષ્ણાદિક અવતાર**નું માહાત્મ્ય જાણે છે..."

મ. ૩૧ :- "...તે તો એમ સમજવું જે, 'એ જે વાસુદેવનારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે.' માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાન જ છે..."

મ. ૩૫ :- "...અને વળી પરોક્ષ જે **શ્રીકૃષ્ણ, રામચંદ્રાદિક ભગવાન**ના **અવતાર** તેમના જે ચરિત્ર તે જ્યાં જ્યાં કહ્યાં હોય તેને પણ સાંભળવા ને ગાવવાં..."

મ. ૬૫ :- "...જીવના કલ્યાણને અર્થે ભગવાનના **રામકૃષ્ણાદિક** જે **અવતાર** થાય છે તેને તો માયાનું કાર્ય એવું જે આ જગત તેમાં કોઈ ઠેકાણે મોહ થતો નથી..."

વર. ૨ :- "...અને એ જ ભગવાન પૂજવા યોગ્ય, ભજવા યોગ્ય ને પામવા યોગ્ય છે અને તે જ ભગવાન **રામકૃષ્ણાદિક અવતાર** ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે..."

વર. ૧૨ :- "...એવું જે અક્ષરધામ તેને વિષે શ્રી પુરુષોત્તમભગવાન સદા દિવ્યમૂર્તિ થકા વિરાજમાન છે. અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે **રામકૃષ્ણાદિક અવતાર**નું ધારણ કરે છે..."

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે **રામકૃષ્ણાદિક અવતારો** રૂપે પણ **'શ્રીકૃષ્ણ'** જે ગોલોકવાસી વૃંદાવનવિહારી ભગવાન શ્રીકૃષ્ણ તેનો **ઉલ્લેખ** કર્યો છે.

વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ : અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ માટે...

વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ **પોતાના માટે** એટલે કે અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ માટે કર્યો છે, તેને હવે આપણે જોઈએ...

ગ. પ્ર. ૭ :- "...તથા અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાના કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામિપણે અને નિયંતાપણે કહેવા, તે એ ભગવાનનું અન્વયપણું છે..."

ગ. પ્ર. ૧૨ :- "...તે ઉત્પત્તિ કહીએ છીએ જે, પોતાના ધામને વિષે રહ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અક્ષરપુરુષરૂપે કરીને માયાને વિષે ગર્ભને ધરતા હવા..."

ગ. પ્ર. ૨૧ :- "...અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે અને એ **અક્ષરધામને વિષે** શ્રીકૃષ્ણ **પુરુષોત્તમનારાયણ** તે સદા વિરાજમાન છે..."

મ. ૩૦ :- "...જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને **પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન** તેનું ભજન કરે..."

મ. ૩૯ :- "...ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું **અક્ષરધામ** છે. તેમાં સદા સાકારમૂર્તિ એવા **શ્રીકૃષ્ણ વાસુદેવ** વિરાજમાન છે...", "...અને જે શુકજી જેવા બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને પણ એ **શ્રીકૃષ્ણ પરબ્રહ્મ**ની ઉપાસના ભક્તિ કરવી..."

મ. ૬૫ :- "...અને બ્રહ્મસ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ તેને પણ આ સંસારને વિષે કોઈ પદાર્થ દેખીને મોહ થતો નથી, તો બ્રહ્મથી પર **પરબ્રહ્મ** એવા જે **શ્રીકૃષ્ણ ભગવાન** તેને માયા ને માયાના કાર્ય થકી નિર્લેપ રહેવાય એમાં તે શું કહેવું?..."

વર. ૨ :- "...શ્રીકૃષ્ણ પુરુષોત્તમભગવાન છે તે પોતાના **અક્ષરધામને વિષે** સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે અને તે જ ભગવાન જે તે શ્વેતદ્વીપવાસી જે અનંત નિરન્નમુક્ત છે; તેમને પાંચ વખત પોતાનું દર્શન આપે છે..."

વર. ૧૩ :- "...તેમ **શ્રીકૃષ્ણ ભગવાન** એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવા હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે..."

વચનામૃતમાં 'શ્રીકૃષ્ણ' શબ્દ : પ્રત્યક્ષ નયનગોચર સાક્ષાત્ મનુષ્યરૂપે શ્રીજીમહારાજ માટે...

શ્રીજીમહારાજે **વચનામૃત**માં ઘણીવાર **'શ્રીકૃષ્ણ'**

અનુસંધાન પેજ - ૨૮ પર...

શું શ્રીકૃષ્ણ ભગવાન એજ શ્રીજીમહારાજ છે ???

ના...,

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રીકૃષ્ણ ભગવાન બંને એકજ નથી, પરંતુ **શ્રીજીમહારાજ તો** શ્રીકૃષ્ણથી ક્યાંય પર, શ્રેષ્ઠ અને **સર્વોપરી** છે.

આ બાબતમાં એક **આશંકાને** હજુ સ્થાન છે !

ચાલો..., આપણે માની લઈએ કે ભગવાન શ્રીહરિએ વચનામૃતમાં **અનેકવિધ ભાવથી** વાતો કરી છે. ક્યારેક **ભક્તભાવ,** ક્યારેક **સાધુભાવ,** ક્યારેક **ગુરુભાવ,** ક્યારેક **અવતારભાવથી** તો ક્યારેક સ્વયં **અવતારીભાવથી** વાતો કરી છે તે શ્રોતાઓની છાતી તપાસીને વાતો કરી છે. તેથી શ્રોતાઓની પાત્રતા જોઈને ક્યારેક શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ કહ્યા છે, તો ક્યારેક સ્વયં શ્રીકૃષ્ણ જ પોતે છે એમ પણ વાતો કરી છે.

પરંતુ, વચનામૃતનું જ્યારે સંશોધન થઈને આલેખન કરવામાં આવ્યું ત્યારે ચાર સમર્થ સંપાદક સંતોએ (શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી નિત્યાનંદ સ્વામી તથા શ્રી શુકાનંદ સ્વામી) અમુક વચનામૃતના અંતમાં **'એજ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે'** એમ શા માટે લખ્યું છે???

જો શ્રીજીમહારાજને આ સમર્થ સદ્‌ગુરુ સંતો **સર્વોપરી** સર્વકારણના કારણ **અનંત શ્રીકૃષ્ણના પણ અધિષ્ઠાતા** જાણતા હતા, માનતા હતા તો પછી અહીં આવી રીતે શ્રીકૃષ્ણ અને શ્રીજીમહારાજને એક હોય તેમ શા માટે કહ્યાં છે ? એ એક **જબરો પ્રશ્ન** ઊભો થાય છે. પરંતુ તેનો પણ **ખુલાસો** છે જ...

'શ્રીકૃષ્ણ તે જ શ્રીજીમહારાજ છે' આવા વાક્યો **બે વચનામૃતોમાં** જોવા મળે છે. જેમ કે -

મ. ૬૪ :- "...એવી રીતે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા શ્રીજીમહારાજે કરી તેને સાંભળીને સર્વે હરિભક્ત એમ જાણતા હવા જે, 'એજ જે **શ્રીકૃષ્ણ પુરુષોત્તમ** તે જ આ **ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ** છે.'..."

વર. ૧૮ :- "...એવી રીતની વાર્તા સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે, 'એ પરોક્ષ જે **શ્રીકૃષ્ણ ભગવાન** કહ્યા તે જ આ **ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ** છે, પણ એ થકી પર કોઈ નથી, અને એ જ આપણા **ઈષ્ટદેવ** છે ને **ગુરુ** પણ એજ છે.'..."

આ પ્રકારના વાક્યો લખવા પાછળ સંપાદક સંતોનો હેતુ બહુજ ઊંડાણવાળો હતો. જેમ શ્રીજીમહારાજે વચનામૃત મ. પ્ર. ૧૩માં કહ્યું છે જે, "...**'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે'** એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, **'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે, તેને મહારાજ દેખે છે'** એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું **પરમકલ્યાણ** થશે..."

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ સ્વયં પોતાના સ્વરૂપની વાત સીધી કરી નથી, પરંતુ તે વાતને **'પોતે સાક્ષાત્ અનુભવ કરીને કહે છે'** એમ કહે છે જેથી સાંભળનાર શ્રોતાજનને શ્રીજીમહારાજને વિષે એટલો તો **પરભાવ** સમજાય જ જાય. અને અવતાર જેટલો તો ભાવ ભગવાન શ્રીહરિને વિષે દૃઢ થાય જ. પછી શ્રીજીમહારાજનો ઐશ્વર્ય-પ્રતાપ જોઈને **અવતારીપણાનો ભાવ** દૃઢ થઈ જાય.

એવી જ રીતે સંપાદક સંતોએ પણ સામાન્ય જીવો ઉપર અપાર કરુણા કરીને જ આ રીતના વાક્યો લખ્યા છે.

શ્રીજીમહારાજે જે **પુરુષોત્તમપણાની વાતો** કરી છે તે પોતાની જ કરી છે. પરંતુ આ વાતને મુમુક્ષુઓ સમજી શકે નહિ, કારણ કે એ વખતે સારોય સમાજ શ્રીકૃષ્ણ ભગવાનનો જ ઉપાસક હતો. શ્રીકૃષ્ણને જ સર્વેશ્વર સમજનાર આ સમાજની સામે પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજ તેમનાથી પર છે, તેમના પણ સ્વામી છે એમ જો કહી દેવામાં આવે તો કદાચ તેમાંથી ૭૫% સમાજ ભગવાન શ્રીહરિથી દૂર થઈ જાય અને પોતાના ઈષ્ટદેવની નિંદા થઈ હોય તેવું માનત. તેથી સંતોએ શ્રીજીમહારાજને સર્વપ્રથમ તો તમે જે શ્રીકૃષ્ણને **ઈષ્ટદેવ** તરીકે માનો છો, જેનું ધ્યાન-ભજન કરો છો તે જ **'આ શ્રીજીમહારાજ છે'** એમ સમજાવ્યું.

આપણે એક વાતની **ચોખવટ** પણ કરી લેવા જેવી છે કે સંતોએ સર્વત્ર શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા જ વર્ણવ્યા નથી, પરંતુ પંચાળાનું ૨જું, ગઢડા મધ્ય - ૯, ૧૩, વરતાલનું ૨જું, ગઢડા અંત્ય - ૩૮ વગેરે વચનામૃતોમાં શ્રીજીમહારાજ **રામકૃષ્ણાદિક અવતારોના પણ નિયંતા** અને **સ્વામી** છે એવું જ લેખન કર્યું છે.

ભલે વચનામૃતમાં ઠેકઠેકાણે **શ્રીજીમહારાજ** શ્રીકૃષ્ણના **ઉપાસક, દાસ કે ભક્ત** હોય તેવો **ઉલ્લેખ** જોવા મળે છે, પરંતુ તેવું તો આજે આ સંપ્રદાયમાં કોઈ માની શકે તેમનથી, અને કોઈ માનતું પણ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમગ્ર જીવન, તેમના અસાધારણ ઐશ્વર્ય-સામર્થીને જોતાં તથા તેમના આશ્રિત સત્સંગીઓની અસાધારણ સામર્થીને જોતાં, તેઓ કેવળ સામાન્ય મનુષ્યની જેમ જ શ્રીકૃષ્ણ ભગવાનના **ભક્ત-ઉપાસક** જ હોય તેવું તો માની શકાય તેમજ નથી. પરંતુ એવા તો **અનંત શ્રીકૃષ્ણના પણ ઉપાસ્ય,** અનંત શ્રીકૃષ્ણના **સર્જનાર** સર્વેશ્વર પરબ્રહ્મ પરમતત્ત્વ **પુરુષોત્તમનારાયણ** છે.

તેથી જ સ.ગુ. **શ્રી પ્રેમાનંદ સ્વામી** ગાય છે :

'હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે...'

તથા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું છે કે -

'છાંડી કે શ્રી ઘનશ્યામ, ઔરકો જો જપુ નામ,
કરલે કટારી મેરી, જીહ્વા કાટી ડારીયો...'

અરે ! સ.ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી** તો ગાય છે કે -

'કોટિ અવતારના કારણ કહી, કોટિ કૃષ્ણ કરજોડ;
નિષ્કુળાનંદ રહે ચરનમેં, મેરે ઈષ્ટકી હજૂર...
મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ, જોગ સધાવિયો૦'

.....

'પણ જ્યાં લગી પ્રાણ રહેશે, જીભા સ્વામી સહજાનંદ કહેશે;
તેહ વિના કહે બીજું કેમ, પડી આંટી અંતરમાં એમ.'

(ભક્તચિંતામણી : ૧૦૨/૪૨)

બસ, આ જ ખુમારીથી ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન હજારો સંતો અને લાખો હરિભક્તો એમને વિષે અનન્યભાવથી જોડાયેલા હતા. એ જ રીતે આજે પણ એવા સેંકડો સંતો-ભક્તો આવી જ દૃઢતાપૂર્વકની અનન્ય નિષ્ઠા અને પ્રતિવ્રતાની ટેકથી શ્રીજીમહારાજને વિષે જોડાયેલા છે.

અને સાચે જ આને આ દેહે **આત્યંતિક મુક્તિના દ્વારે પહોંચવા માટે** આ પ્રકારની આપણી સાધના એજ સાચી **શાસ્ત્રોક્ત સાધના પદ્ધતિ** છે.

હવે મૂઢપણે જો દૃઢ કરીએ તો **શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારી** જ છે, પરંતુ વચનામૃતમાં તથા સંપ્રદાયના અન્ય ગ્રંથો વાંચતા **કેટલાક પ્રશ્નો** ઉદ્‌ભવે છે કે (૧) ભગવાન શ્રી સ્વામિનારાયણ - સર્વઅવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી ભગવાન હોવા છતાં, તથા તેઓ પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સૌને દૃઢ કરાવીને પોતાના સર્વોપરી અક્ષરધામમાં લઈ જવા આ લોકમાં પધાર્યા હોવા છતાં, તેમણે **પોતાના સ્વરૂપ વિષે જુદી જુદી વાતો** કેમ કરી છે ? (૨) શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ વિષે સર્વત્ર અને સર્વદા સમાનપણે **સર્વોપરીપણાની વાતો** શા માટે ન કરી ? (૩) ભગવાન શ્રીહરિએ પોતાની હયાતીમાં પોતે બંધાવેલા બધા જ મંદિરોમાં પોતાની જ મૂર્તિ મધ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરવાને બદલે **જુદા જુદા દેવોની મૂર્તિ** શા માટે પધરાવી ?

હવે, આ પ્રશ્નોના સમાધાન મેળવવા માટે આપણે, **વચનામૃતના વચનો** તથા સાથે સાથે સંપ્રદાયના **અન્ય ગ્રંથો** અને **ઈતિહાસ**માં પણ ડોકિયું કરીશું.

વચનામૃતમાં શ્રીજીમહારાજે અનેક રીતે પોતાને ઓળખાવ્યા છે.

૧. ક્યારેક પોતે એક **સાધક** હોય તેવી વાતો કરી છે.

૨. ક્યારેક **સિદ્ધ** હોય તેવી વાતો કરી છે.

૩. ક્યારેક પોતે **નરનારાયણના ભક્ત** હોય તેવી પણ વાતો કરી છે.

૪. ક્યારેક પોતે જ **શ્રીકૃષ્ણના દાસ-ભક્ત** હોય તેવી વાતો કરી છે.

૫. ક્યારેક પોતે જ **સ્વયં શ્રીકૃષ્ણ** હોય તેવી વાતો કરી છે.

૬. અને ક્યારેક તો સ્વયં રામકૃષ્ણાદિક તમામ અવતારો કરતા પણ ભિન્ન સ્વયં **અવતારી પુરુષોત્તમ** હોય તેવો પણ **ઉલ્લેખ** કરેલો છે.

શ્રીજીમહારાજ,... એક આદર્શ સાધક : વચનામૃતની દ્રષ્ટિએ



તો હવે આ સંદર્ભોને આપણે વચનામૃતમાં **શ્રીજીમહારાજના જ શબ્દોમાં** જોઈએ...

૧) ભગવાન શ્રીહરિ પોતે **એક સાધક** હોય તેવો **ઉલ્લેખ** કરેલ વચનો :

ગ. પ્ર. ૧૦ :- "...તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો તે અમો લાવીને રાંધી ખવરાવતા અને અમો વસ્તીમાં જઈને જમી આવતા..."

"...અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે 'ભાર નામે તો રૂમાલ પણ રાખતા નહિ...."

ગ. પ્ર. ૧૮ :- "...અને અંતરમાં જો રંચ જેટલો પદાર્થનો ઘાટ થાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે નિરાંત થાય એવો અમારો સ્વભાવ છે..."

ગ. પ્ર. ૨૬ :- "...અને અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી. અને ભગવાનના સ્વરૂપમાં જ રસિક પ્રીતિ છે તેમાં જો કોઈ વિષય આડો આવે તો તેનું માથું ઊડી જાય એવો અમારો બળવાન વિચાર છે..."

ગ. પ્ર. ૩૭ :- "...પછી પોતાના સાથળને વિષે નાનપણામાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વને દેખાડ્યો ને બોલ્યા જે, "આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે. માટે જન્મભૂમિ તથા પોતાનાં સગાંસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે..."

ગ. પ્ર. ૭૩ :- "...અને જ્યારે અમે નાના હતા ત્યારે એમ સાંભળ્યું હતું જે, 'વીર્ય તો પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે.' પછી તે **વીર્યને ઊર્ધ્વ રાખવાને સારુ** અમે બે પ્રકારની જળબસ્તિ શીખ્યા હતા અને કુંજરક્રિયા શીખ્યા હતા અને કામને જીત્યા સારુ કેટલાંક આસન શીખ્યા હતા અને રાત્રિએ સૂતા ત્યારે ગોરખ આસન કરીને સૂતા. જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ, પછી તે **કામ જીત્યાનું એવું સાધન કર્યું જે,** 'શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ અને ટાઢ–તડકો પણ લાગે નહિ'..."

કા. ૩ :- "...જુવોને, મને બાળપણામાં **સ્વામી કાર્તિકની પેઠે** એવો જ વિચાર ઊપજ્યો જે,**'મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રૂધિર ને માંસ તે રહેવા દેવું નથી.'** માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, 'શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રૂધિર તો નીસરે જ નહિ.'..."

કા. ૧૦ :- "...જુવોને અમે એકવીસ વર્ષ થયાં

શ્રીરામાનંદસ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે પણ અમારૂં મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે અમારે ત્યાગનો જ ઈશક છે...''

ગ. મ. પ્ર. ૨૨ :- ''...પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડયો જે, **'જેટલા માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી.'** પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુઃખ થયું તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા અને ધોળકાના ચાલ્યા એ ને એ વિચારમાં ગામ કોઠયને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા. તે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી...''

''...તેમજ **દેવલોક, બ્રહ્મલોક પર્યંત અમારૂ મન ક્યાંય લોભાયું નહિ,** તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડયા જે, 'તમે ભગવાનના એકાંતિક ભક્ત ખરા, કેમ જે, તમારૂં મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી.' પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિષે સુધી હિંમત આવી, પછી અમે મનને કહ્યું કે તારૂં જેવું રૂપ છે તેવું હું જાણું છું જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભૂકા કરી નાંખીશ...'', ''...પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી તેમ જ દેવલોક–બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો...''

ગ. મ. પ્ર. ૩૩ :- ''...અમને તો જે પદાર્થમાં હેત જણાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય અને ભગવાનના ભક્ત વિના જે મનુષ્યમાત્ર અથવા પદાર્થમાત્ર તેની જો મનમાં સ્મૃતિ થઈ હોય તો તેથી અતિશય છેટું કરીએ ત્યારે સુખ થાય. અને જો ભગવાનના ભક્ત હોય તો તેનો કોઈ રીતે કરીને હૈયામાં અભાવ આવે જ નહીં અને અમારે વગર ઈચ્છે પણ પંચવિષય છે તે જોરાવરીએ આવીને પ્રાપ્ત થાય છે તોપણ તેને અમે ઈચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાખીએ છીએ...''

''...અને અમારા અંતરમાં તો એક **ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન રહે છે** અને ઉપરથી તો ભગવાનના ભકત હોય તેના જીવનું સારૂં થાય તે સારૂ હળીમળીને રહીએ છીએ અને જે દિવસ **અમારા હૈયામાં ભગવાન ને ભગવાનના ભકત વિના બીજે ક્યાંઈ હેત જણાશે તો** અમે એમ માનીશું જે, **'અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા.'** પણ અમને એવો નિશ્ચય છે જે, 'અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહિ.'...''

ગ. મ. પ્ર. ૩૯ :- ''...એકતો અમારે એમ વર્તે છે જે, પંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થ છે તેનો દેહે કરીને સૂઝે એટલો યોગ થાય તો પણ તેનો મનમાં ઘાટ ન થાય તથા સ્વપ્નમાં પણ ન આવે. અને બીજો એમ જે બહારથી સૂઝે એટલી પ્રવૃતિમાં રહ્યા હોઈએ પણ જયારે અંતર્દૃષ્ટિ કરીને પોતાના આત્મા સામું જોઈએ તો કાચબાના અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય ને પરમ–સુખરૂપે વર્તાય. અને ત્રીજો એમ જે ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેમાં સદા સાકારમૂર્તિ એવા શ્રીકૃષ્ણવાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા જ સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થતું નથી, એવી રીતે સાકારની દૃઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તો પણ એ પ્રતીતિ ટળી નહિ. અને ચોથો એમ જે જે કોઈ બાઈ–ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, ''આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભકિત કરે છે પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી,'' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય ને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ મન રાજી થાય ને તેની સાથે જ સુવાણ્ય થાય...''

ગ. મ. પ્ર. ૫૫ :- ''...જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ **દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું** એવી વાર્તા ગમતી. અને જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશમાત્ર લાગતી જ નહિ અને વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ, એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા...''

''...અમારે **પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું** સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે...'', ''...જેમ કાખના મુવાળા છે, તેમાં સારો કયો ને નરસો કયો? તેતો સારો નરસો સહુ એક પાડમાં છે, તેમ માયિક પદાર્થ પણ સર્વે સરખાં છે....''

''...એમ **ભગવાનની ભક્તિ જાણીને** જે જે ક્રિયા કરીએ છીએ તે થાય છે, પણ એ ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થમાંથી ઉદાસી છીએ...''

''...તેમ અમારે પણ **ખાતાં,પીતાં, ઘોડે ચઢતાં, રાજી–કુરાજીપણામાં,** સર્વે કાળે મન **ઉદાસી** જ રહે છે અને અંતરમાં એમ વિચાર રહે છે જે, ' આપણ તો દેહ થકી પૃથક્ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને વળી અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે, **આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ** તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ...''

ગ. અં. પ્ર. ૩૦ :- ''...અને વળી **આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે.** તેમાં એક તો એમ જે, આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, ''આ ઘડી આ ક્ષણમાં આપણે મરવું છે'' ને સુખદુઃખ, રાજીપો–કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે એવો વૈરાગ્ય કહ્યો..., એમ નિરંતર અનુસંધાન રહે છે...''

આ બધા વચનામૃતોના **સંદર્ભો** જોતા એમ જ લાગે કે ભગવાન શ્રીહરિ એક **આદર્શ સાધક** છે.



શ્રીજીમહારાજ,... એક સિદ્ધપુરૂષ : વચનામૃતની દ્રષ્ટિએ

વચનામૃતમાં અનેક જગ્યાએ સાધના કરીને પોતે નિર્વાસનિક થયા હોય, જગતના વિષયોથી-માયિક વિકારોથી પર થયા હોય, સમત્વની સ્થિતિ પ્રાપ્ત કરી હોય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હોય, એવા વચનો પણ શ્રીજીમહારાજે કહેલા છે તે જોઈએ...

ગ. પ્ર. ૧૮ :- "...અને **હું તો અનાદિ મુક્તજ છું** પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; **જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે** એ અંતઃકરણને હું પકડું છું..."

ગ. પ્ર. ૪૪ :- "...અને **એવો સાધુ તો હું છું જે** 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી'..."

કા. ૬ :- "...અને અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા **એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી** અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે પણ પંચવિષયમાંથી એકેને વિષે લેશમાત્ર ભાવ થતો નથી..."

ગ. મ. પ્ર. ૧૩ :- "...અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધકરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તો પણ સભામાં કરીએ છીએ જે; **મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે** – આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તો પણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરૂં લઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે..."

ગ. મ. પ્ર. ૩૩ :- "...અને જે દિવસ થકી અમે **જન્મ્યા** છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ **જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો** આ સમગ્રપરમહંસના સમ છે. અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ..."

વર. ૧૮ :- "...તેમજ **તમારો સર્વેનો આચાર્ય ને ગુરૂ ને ઉપદેષ્ટા** એવો જે હું, તે **મારા દેહનાં જે આચરણ** તે પ્રમાણે પણ તમારે ન કરવું. અને અમારા સંપ્રદાયને વિષે જેમ જેના ધર્મ કહ્યા છે, તે જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું, પણ અમારા આચરણ પ્રમાણે ન રહેવું..."

ગ. અં. પ્ર. ૩૯ :- "...અને આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારૂ નથી કરતા; **આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ.** કેમ જે, અમારે સ્ત્રી–ધનાદિક પદાર્થનો ભારે યોગ છે તથા પંચવિષયનો ભારે યોગ છે તથા સુરત, અમદાવાદ, વડોદરે, વરતાલે જઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગાં થાય છે ને તે માને છે તથા વાજતે ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે તથા ત્યાં ત્યાં ભારે ભારે જાયગાઓ જોયામાં આવે છે તથા ભારે વસ્ત્ર વાહનાદિકનો યોગ થાય છે એ સર્વે છે તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે

નરનારાયણનાં ભક્ત–ઉપાસક–દાસ : વચનામૃતની દ્રષ્ટિએ

હવે વચનામૃતમાં કોઈક જગ્યાએ શ્રીજીમહારાજ સ્વમુખે જાણે કે પોતે નરનારાયણના દાસ-ઉપાસક કે ભક્ત હોય, એવા વચનો પણ બોલ્યા છે, તેને જોઈએ :-

ગ. પ્ર. ૧૮ :- "...કાં જે અમારા હૃદયમાં તો **નરનારાયણ** પ્રગટ વિરાજે છે..."

ગ. પ્ર. ૭૩ :- "...અને તે **નરનારાયણ**નો આપણે આશ્રય છે તેના પ્રતાપ થકી ધીરે ધીરે એ **નરનારાયણ**નું ભજન કરીને આપણે પણ એ સરખા જ નિષ્કામી થઈશું..."

સ્વયં શ્રીકૃષ્ણ : વચનામૃતની દ્રષ્ટિએ

વચનામૃતમાં કેટલાક એવા પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનો છે, જેના પરથી એમલાગે કે શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણના ભક્ત નથી, પણ પોતે જ શ્રીકૃષ્ણ છે. તો એવા પણ ભગવાન શ્રીહરિના વચનો જોઈએ, જેમાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ કરતી વખતે એની આગળ-પાછળ 'પ્રત્યક્ષ, સાક્ષાત્, પ્રગટ પ્રમાણ' એવા શબ્દો વાપરીને શ્રીજીમહારાજે પોતાનો નિર્દેશ કર્યો છે, જેમકે -

ગ. પ્ર. ૯ :- "...શ્રીકૃષ્ણભગવાનનો **પ્રત્યક્ષપણે** નિશ્ચય કર્યો હોય...", "...અને જે **પ્રત્યક્ષ ભગવાન**ને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે...", "...માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને **પ્રત્યક્ષ ભગવાન** વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ..."

ગ. પ્ર. ૪૭ :- "...પોતાના ઈષ્ટદેવ એવા જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણપરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધસ્વરૂપ અને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે..."

ગ. પ્ર. ૫૬ :- "...તો એ પુરૂષના હૃદયને વિષે **પ્રકટ પ્રમાણ** એવા જે શ્રીકૃષ્ણનારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે..."

ગ. પ્ર. ૭૮ :- "... વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ** પુરૂષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે..."

કા. ૧૦ :- "...**પ્રકટ પ્રમાણ** એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે..."

લો. ૧ :- "...તેમ **પ્રત્યક્ષ** જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ–અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે..."

લો. ૭ :- "...ભગવાન સર્વના કારણ છે ને સર્વના આધાર છે. માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે પણ એ સર્વે શરીર છે અને એ સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ **પ્રત્યક્ષ પુરૂષોત્તમ** છે..."

પં. ૬ :- "...એવી રીતે જેની **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ**ના સ્વરૂપમાં અચળ મતિ હોય ને તેનાથી..."

ગ. અં. પ્ર. ૫ :- "...અને જો તે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન**ની મૂર્તિ વિના કાંઈક બીજું ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે...", "...ને ભગવાન જે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ** તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઈચ્છે નહિ તેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય જો થોડાં હોય તો પણ એ દેહ મૂકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે..."

ગ. અં. પ્ર. ૩૧ :- "...માટે તે જે ધામમાં રહી મૂર્તિને આ **પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ** તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે..."

શ્રીકૃષ્ણાદિક અવતારો કરતા ભિન્ન, સ્વયં અવતારી પુરૂષોત્તમ : વચનામૃતની દ્રષ્ટિએ

આપણને મળેલ સ્વરૂપ, આપણી સામે બોલી રહેલ મૂર્તિ તે પૂર્વેના થઈ ગયેલા તમામ અવતારોના અવતારી, અવતારોના પણ સર્જક, પરમતત્ત્વ પરબ્રહ્મ છે તેવી પ્રતીતિ કરાવવા માટે શ્રીજીમહારાજ કેટલાક વચનામૃતમાં **'પ્રત્યક્ષ, પ્રગટ પ્રમાણ, સાક્ષાત્'** આદિક શબ્દોથી પોતાને જ નિર્દેશીને **સર્વ અવતારના અવતારી તરીકે** પોતાને ઓળખાવે છે.

ગ. પ્ર. ૭૮ :- "...અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા **વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ** એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે..."

ગ. મ. પ્ર. ૯ :- "...ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને **સર્વ અવતારનું અવતારી** એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે..."

"...તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને **સર્વ અવતારનું કારણ** અવતારી એવું જાણવું..."

ગ. મ. પ્ર. ૧૩ :- "...અને એ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન છે તે જ **સર્વે અવતારનું કારણ** છે અને **સર્વે અવતાર પુરૂષોત્તમમાંથી પ્રગટ થાય છે** અને પાછા પુરૂષોત્તમને વિષે લીન થાય છે...."

"...અને **'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે'** એમ જાણજ્યો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો..."

શ્રીજીમહારાજ પોતે જ સર્વોપરી, સર્વે અવતારના અવતારી છે, એવું દર્શાવતાં **ઉપરોક્ત વચનો** સ્વયં ભગવાન શ્રીહરિના જ છે તેથી તેમાં કોઈપણ પ્રકારના સંશય કે તર્કને સ્થાન નથી.

પરંતુ જુદી જુદી જગ્યાએ, જુદા જુદા પ્રસંગોમાં-સભામાં બેઠેલા શ્રોતાઓની પાત્રતા પારખીને પોતાના સ્વરૂપ વિષે શ્રીજીમહારાજે જુદી જુદી વાતો કરી હોય, પરંતુ મહારાજના એ ઉપદેશોનું સંપાદન કરનારા **ચાર સમર્થ સદ્‌ગુરુઓએ** ખૂબજ સાવધાની અને પ્રતીતિપૂર્વક આવા વચનામૃતોને અંતે, 'શ્રીજીમહારાજ પોતે **સર્વોપરી, સર્વ અવતારના અવતારી** છે, **સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ** છે' એવા **વિવિધ શબ્દોથી સ્પષ્ટતા** કરી છે, જેથી ભગવાન શ્રીહરિના કહેવાના હાર્દને અને હેતુને સમજ્યા વગર પ્રસંગોપાત ઉચ્ચારેલા વચનોને આધારે કોઈ એમને કેવળ

એક સાધક, ભક્ત, સાધુ, અનાદિ મુક્ત, ગુરુ, આચાર્ય, ઉપદેષ્ટા કે અન્ય અવતાર જેવા માની ન બેસે એ હેતુ છે.

જેમકે -

ગ. પ્ર. ૪૪ :- "...એવી રીતે શ્રીજીમહારાજ બોલ્યા તે તો પોતાના ભક્તને શિક્ષાને અર્થે છે એમ જાણવું અને પોતે તો **સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ** છે..."

લો. ૧૩ :- "...એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી ને પોતે તો **સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ** છે...."

લો. ૧૪ :- "...એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી ને પોતે તો **સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ** છે..."

લો. ૧૮ :- "...એવી રીતે શ્રીજીમહારાજની વાર્તા સાંભળીને સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજીમહારાજને સર્વ **અવતારના કારણ અવતારી** જાણીને દિવ્ય ભાવની અતિશય દૃઢતા કરતા હવા..."

પં. ૬ :- "...એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજને વિષે **સર્વકારણપણું** જાણીને ઉપાસનાની દૃઢતા કરતા હવા..."

પં. ૭ :- "...એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે **પોતાના સ્વરૂપની જે અનન્યનિષ્ઠા** તે સંબંધી વાર્તા કરી તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજના સ્વરૂપની એવી જ રીતે **વિશેષે દ્રઢતા** કરતા હવા..."

ગ. મ. પ્ર. ૧૩ :- "...એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે **પરોક્ષપણે પોતાના પુરૂષોત્તમપણાની વાર્તા** કરી તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, 'જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે.'..."

ગ. અં. પ્ર. ૩૦ :- "...એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો **સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ** છે..."

ગ. અં. પ્ર. ૩૧ :- "...એવી રીતે શ્રીજીમહારાજે પોતાના **પુરૂષોત્તમસ્વરૂપના નિરૂપણની વાર્તા** પરોક્ષપણે કરીને કહી..."

ગ. અં. પ્ર. ૩૯ :- "...એવી રીતે શ્રીજીમહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારૂ પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો **સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ** છે..."

આમ, વચનામૃતનું અધ્યયન કરતા સ્પષ્ટપણે જણાય આવે છે કે **સર્વે અવતારના અવતારી પરમતત્ત્વ** પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ છે એટલે કે **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ છે.

પોતે શ્રીકૃષ્ણનાં ભક્ત-ઉપાસક-દાસ : વચનામૃતની દ્રષ્ટિએ

વચનામૃતના અમુક સંદર્ભો પરથી એવું જણાય છે કે ભગવાન શ્રીહરિ જાણે કે શ્રીકૃષ્ણના દાસ હોય, ઉપાસક હોય કે ભક્ત હોય તે જોઈએ :-

ગ. પ્ર. ૭૪ :- "...આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના **દાસ** છીએ, તે શ્રીકૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું..."

લો. ૧ :- "...અને આપણે તો શાંતમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેના **ઉપાસક** છીએ..."

લો. ૧૪ :- "...એ ત્રણે અવતાર કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિષે અમારે **હેત** છે..."

ગ. મ. પ્ર. ૪૦ :- "...નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને **નમસ્કાર** કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો...."

ગ. મ. પ્ર. ૬૪ :- "...એવા જે શ્રીકૃષ્ણભગવાન તે આપણા **ઈષ્ટદેવ** છે..."

વર. ૧૮ :- "...આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવા...", "...આપણા ઈષ્ટદેવ એવા જે એ શ્રીકૃષ્ણ ભગવાન તેનાં આચરણ પ્રમાણે જેમ ન કરવું..."

ગ. અં. પ્ર. ૨૧ :- "...એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે..."

તો પછી અવતારો કોણ છે ???

આપણે જોયું કે સર્વોપરી, સર્વ અવતારના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે અને તમામ અવતારો શ્રીજીમહારાજના છે. તો આ બાબતમાં હજુ એક કઠિન પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, બધા અવતારો શું **સ્વયં** ભગવાન શ્રીહરિ જ છે ? કે શ્રીજીમહારાજે જ્યાં જેવી જરૂર પડી તેવું રૂપ ધારણ કર્યું તે અવતાર કહેવાય ? જેમ ફિલ્મી એક્ટર ફિલ્મોમાં અલગ-અલગ રોલ ભજવે છે તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તે જ મત્સ્ય, કચ્છ, વામન, નૃસિંહાદિ અવતારો રૂપે થયા એમ માનવું ? (જેમજુદા જુદા પાત્રો ભજવનાર ભવાયો તો **તત્ત્વતઃ** અને **સ્વરૂપતઃ** એક જ છે, તેમઅવતારો ભલે જુદા જુદા સ્વરૂપે થયા પણ શું તમામ અવતારો અને પરમતત્ત્વ પુરુષોત્તમનારાયણ વચ્ચે તત્ત્વતઃ અને સ્વરૂપતઃ ઐક્યભાવ છે ? એમસમજવું ???)

ના, ના...!!! જો આપણે આમજ સમજી બેસશું તો તો બિલાડું કાઢીને ઊંટીયું બેસાડ્યા જેવું થશે. પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અન્ય અવતારો વચ્ચે હરગીજ તત્ત્વતઃ ઐક્યપણું છે જ નહિ. અને જો એવી ગેરસમજણ દૃઢ થઈ ગઈ હોય તો સમજુ સત્સંગીએ તેને દૂર કરવી જોઈએ. કારણ કે **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ **સ્વયં** વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૩૧માં **અવતારવાદનું રહસ્ય** સમજાવતા કહે છે :- "...એ વૈરાજપુરુષ દ્વારાએ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, 'એ જે વાસુદેવનારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજ પુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે.' માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ **કેવળ વૈરાજપુરુષથકી અવતાર** સંભવે જ નહિ; માટે એ થકી અવતાર તો **એને વિષે વાસુદેવ આવ્યા છે** તે સારુ કહ્યા છે..."

અહિં આ વાત દ્વારા શ્રીજીમહારાજ એજ સમજાવવા માંગે છે કે અવતારની અંદર **એક તત્ત્વ** છે જ નહિ, તેમાં **બે તત્ત્વ** છે. એક ઐશ્વર્યરૂપે તેમાં રહેલ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને બીજું જે વ્યક્તિગત ઈશ્વર તત્ત્વમાં ભગવાનનો આવિર્ભાવ થયો હોય તે. જેમ કોઈ વ્યક્તિને ભૂત વળગે છે ત્યારે તે વ્યક્તિના શરીરમાં બે જીવ હોય છે - એક તો પોતે અને બીજો જે ભૂતનો તેમાં આવિર્ભાવ થયો છે તે.

જ્યારે તે ભૂત જેના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે વ્યક્તિનું બળ દાબીને પોતાનું જ બળ વાપરે છે. તે વખતે તે વ્યક્તિના શરીર પર પ્રહાર કરવામાં આવે અથવા માર મારવામાં આવે ત્યારે તેના શરીરના માધ્યમથી તે ભૂતને જ પીડા થાય છે. તેમ **પુરુષોત્તમનારાયણનો આવિર્ભાવ** પ્રધાનપુરુષ, મહાપુરુષ કે વૈરાજપુરુષ જે કોઈમાં થાય ત્યારે તે **અવતાર** કહેવાય છે. ત્યારે તેમાં **બે તત્ત્વો** હોય છે એક **પોતે** અને બીજું **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો આવિર્ભાવરૂપ ઐશ્વર્ય.** તે આવિર્ભાવ જેનામાં હોય તે વખતે તે એમજ કહે કે, ''હું જ પુરુષોત્તમ છું, હું જ ભગવાન છું.'' પરંતુ પુરુષોત્તમનારાયણનો **આવિર્ભાવ** તેમાંથી નીકળી ગયા પછી તે **પોતાના મૂળ સ્વરૂપે** જ રહે છે.

આ **અવતારવાદના રહસ્ય**ને સમજાવતા પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દીક્ષિત **સ.ગુ. શ્રી અવિનાશાનંદ બ્રહ્મચારી** પોતાના 'અવિનાશાનંદ કાવ્ય'માં કહે છે :-

'અવતાર ને અવતારીની, રીત બીજી તે કહું;
ચીત્ત દઈ સૌ સાંભળો, એક દૃષ્ટાંત દઉં. ૦૮
અનળ વ્યાપે જ્યારે લોહમાં, ત્યારે અનળ તે લૈયે;
તેથી જ્યારે નોખો પડે, ત્યારે લોઢું જ કૈયે. ૦૯
તેમ પુરુષોત્તમ જેહમાં, આવે તે અવતાર;
અવિનાશાનંદના વાલમા, પોતે અવતારી. ૧૦'

(અવિનાશાનંદ કાવ્ય : પદ-૨૫૧)

આ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જે તે કાર્યને અર્થે વિરાટપુરુષમાં અથવા તેમના જે તે અવતારમાં **અનુપ્રવેશ** કરે છે, તે પોતાના સંકલ્પથી અંતર્યામી શક્તિએ કરીને અર્થાત્ પોતાના અન્વય સ્વરૂપે તેમાં નિવાસ કરે છે તેથી તે અવતાર કહેવાય છે. અને જ્યારે તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો **આવિર્ભાવ થાય તેટલો સમય** તેને **ભગવાન જ** કહેવાય અને તેનું ધ્યાન પણ કરીને તેના આશ્રિતો તેમને પામી શકે છે. પરંતુ પરબ્રહ્મ પુરુષોત્તમનું **ધ્યાન** અને તેમની જ **ઉપાસના** વગર અક્ષરધામકે અક્ષરધામસ્થ પરમતત્ત્વને પામવું અશક્ય છે.

આ વાતને સમજાવતા ભગવાન શ્રીહરિ વચનામૃત પંચાળા પ્રકરણના બીજામાં કહે છે :- ''...આત્યંતિક પ્રલયને વિષે જે અક્ષરધામમાં તેજોમય એવી દિવ્યરૂપ ભગવાનની મૂર્તિ રહી છે તે **ધ્યાન કરવા યોગ્ય** છે અને તેથી ઓરા પ્રકૃતિપુરૂષરૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા પ્રકૃતિપુરૂષનાં કાર્ય જે ચોવીસ તત્ત્વ તે રૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા હિરણ્યગર્ભ ને તેથી ઓરા ચોવીસ તત્ત્વથી ઊપજ્યો જે વિરાટ તે ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, તથા પૃથ્વીને વિષે જે મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વરાહાદિક ભગવાનના અવતાર તથા શાલગ્રામાદિક પ્રતિમાઓ એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે એવું યોગવાળાનું તાત્પર્ય જણાણું...''

''...એ પરાત્પર એવા જે પુરૂષોત્તમ ભગવાન તેનું એ પ્રકૃતિપુરૂષાદિક સર્વને વિષે **અન્વયપણું** છે; માટે એ સર્વે ભગવાન જ છે ને દિવ્યરૂપ છે ને સત્ય છે ને ધ્યેય છે...''

''...અને એમ સમજવું જે, 'એ ભગવાન જેવા તો ભગવાન જ છે ને બીજા જે **પ્રકૃતિપુરૂષાદિક** છે તે તો એના ભક્ત છે અને એનું ધ્યાન કરે છે, માટે એ **ભગવાનરૂપ** છે. જેમ કોઈ મોટા સંત હોય ને તે ભગવાનનું ધ્યાન કરતા હોય ને તેને ભગવાનરૂપ જાણે છે, તેમ એ પ્રકૃતિપુરૂષાદિક પણ ભગવાનરૂપ છે. અને એ **સર્વથી પર જે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ** તે જ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધરૂપે થાય છે તથા **રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ** કરે છે તે ધ્યાન કરવા યોગ્ય છે,'...''

પંચાળા પ્રકરણના ૭માં વચનામૃતમાં પણ ભગવાન શ્રીહરિએ **અવતારવાદનું રહસ્ય** સમજાવ્યું છે :- ''...અને એ જે પુરૂષોત્તમનારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરૂષરૂપે થાય છે ત્યારે **એ પુરૂષ છે તે પુરૂષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરૂષોત્તમ જ રહે છે.** તેમ જ માયારૂપે થાય છે ત્યારે માયા પણ પુરૂષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે અને પછી એ ભગવાન મહત્તત્ત્વરૂપે થાય છે ને તેમજ મહત્તત્ત્વમાંથી થયાં જે બીજા તત્ત્વ તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વનું કાર્ય જે વિરાટ તે રૂપે થાય છે તથા તે વિરાટ પુરૂષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે તથા નારદસનકાદિક રૂપે થાય છે. એવી રીતે **અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરૂષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે,** તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને **પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે.** અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને **પોતાનો પ્રકાશ** પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે...''

આ બંને વચનામૃતોમાં શ્રીજીમહારાજનું કહેવાનું **હાર્દ** એજ છે કે, સર્વથી પર એવા જે ભગવાન પુરુષોત્તમનારાયણ તેનો જેને જેને વિષે પ્રવેશ થાય છે તેને પણ ભગવાનના સંબંધે ભગવાન કહી શકાય, તેમ છતાં તત્ત્વથી અને સ્વરૂપથી પુરુષોત્તમનારાયણ તો તે સર્વેથી ભિન્ન અને પર છે.

આમ, અવતારો પણ ભગવાન શ્રીહરિના જેતે ઈશ્વરીય તત્ત્વને વિષે અનુપ્રવેશને કારણે થાય છે. પરંતુ **તે તે અવતારો પણ પરમતત્ત્વ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દાસ, ભક્ત જ છે.** (સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વાતો : ૨/૭) સર્વેથી પર, **સર્વોપરી તત્ત્વ** એકજ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે અને તે જ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે.

મહાભારતમાં અવતાર–અવતારી ભેદ

મહાભારતના **શાંતિપર્વ**ના **'મોક્ષધર્માનુશાસન પર્વ'**માં અધ્યાય ૩૩૪માં કથાનો એવો પ્રસંગ છે કે, એકવખત નર તથા નારાયણ તે બંને, ભગવાનનું પૂજન કરતા હતા ને નારદજી બદરિકાશ્રમમાં આવ્યા ત્યાં તે બંનેને પૂજા કરતા જોઈને નારદજીએ પૂછ્યું કે,

'वेदेषु सपुराणेषु साङ्गोपाङ्गेषु गीयसे ।
त्वमजः शाश्वतो धाता मातामृतमनुत्तमम् ।।२५।।
कं त्वद्य यजसे देवं पितरं कं न विद्महे ।।२७।।'

અર્થાત્ :- હે ભગવન્ ! અંગ તથા ઉપાંગો સહિત, સંપૂર્ણ વેદોમાં તથા પુરાણોમાં આપનો મહિમા વર્ણન કર્યો છે; આપ અજન્મા, સનાતન, બધાના માતાપિતા તથા સર્વોત્તમ અમૃતરૂપ છો. વળી સર્વજનો આપનું પૂજન કરે છે. તોપણ આજે, આપ ક્યા દેવતા તથા ક્યા પિતૃની પૂજા કરો છો, તે મારા સમજવામાં આવતું નથી તેથી હું જાણવા ઈચ્છું છું.॥૨૫-૨૭॥

આમ જ્યારે પૂછ્યું ત્યારે **નારાયણ ભગવાન,** નારદજીને કહેવા લાગ્યા :

'अवाच्यमेतद् वक्तव्यमात्मगुह्यं सनातनम् ।
तव भक्तिमतो ब्रह्मन् ! वक्ष्यामि तु यथातथम् ।।२८।।'

અર્થાત્ :- હે બ્રહ્મન્ ! તમે જે બાબતનો પ્રશ્ન પૂછ્યો, તે વાત અર્થાત્ તે **સનાતન રહસ્ય** અમારે કોઈને પણ કહેવા યોગ્ય નથી; પરંતુ ગુપ્ત રાખવા જેવું છે, તોપણ તમારા જેવા ભક્તને તો તે વાત કહેવી જોઈએ. માટે હું તે રહસ્ય યથાર્થપણે તમોને કહું છું.॥૨૫॥

ત્યારબાદ પરમતત્ત્વ **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું** વર્ણન કરીને નારાયણ ભગવાને એજ અધ્યાયના શ્લોક ૩૨માં નારદજીને આ પ્રમાણે કહ્યું છે :-

'तां योनिमावयोर्विध्धि योऽसौ सदसदात्मकः ।
आवाभ्यां पूज्यतेऽसौ हि दैवे पित्र्ये च कल्प्यते ।।३२।।'

અર્થાત્ :- સત્-અસત્સ્વરૂપ તે પરમાત્મા **પુરુષોત્તમનારાયણ** જ નરનારાયણ એવા અમો બંનેની **ઉત્પત્તિના કારણ** છે, એમ તમે સમજો; અમે બંને તેમની પૂજા કરીએ છીએ, અને 'દેવ' એટલે કે ઈષ્ટદેવ તથા 'પિતૃ' કહેતા સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા પણ તેમને જ માનીએ છીએ.॥૩૨॥

'इति गुह्यसमुद्देशस्तव नारद ! कीर्तितः ।
भक्त्या प्रेम्णा च विप्रर्षे ! अस्मद्भक्त्या च ते श्रुतः ।।४५।।'

અર્થાત્ :- હે નારદ ! હે વિપ્રર્ષે ! તમારે ભગવાનને વિષે પ્રેમ તથા ભક્તિ છે, તેમજ અમારે વિષે પણ ભક્તિભાવ થયો છે; તેથી જ અમે તમને આ ગુહ્ય વાર્તા કહી. અને તમને પણ સાંભળવાનો અવસર મળ્યો.॥૪૫॥

વળી, બીજો એક **આશ્વમેધિકપર્વ**ના **અનુગીતાપર્વ**માં અધ્યાય ૧૬માં એવો પ્રસંગ આવે છે કે કુરુક્ષેત્રના યુદ્ધ પછી ભીષ્મપિતાએ દેહત્યાગ કર્યો પછી ભગવાન દ્વારકેશ શ્રીકૃષ્ણ પોતાની દ્વારકાનગરીમાં જવાની તૈયારી કરે છે અને સહુની રજા માંગે છે ત્યારે અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું :-

"હે મહાબાહુ દેવકીપુત્ર ! જ્યારે યુદ્ધકાળ ઉપસ્થિત થયો હતો, ત્યારે મેં **તમારું માહાત્મ્ય** અને **ઈશ્વરી (વિરાટ) સ્વરૂપ** જાણ્યું હતું." ॥૫॥

"હે પુરુષવ્યાઘ્ર કેશવ ! તમે ભગવાને મારા પરના સ્નેહને લીધે **પૂર્વે જે જ્ઞાન કહ્યું હતું, તે** સર્વે મારા ચિત્તની વ્યગ્રતાને લીધે હું ભૂલી ગયો છું." ॥૬॥

"હે માધવ ! તે જ્ઞાનના સંબંધમાં મને વારંવાર ઉત્કંઠા થયા કરે છે, પણ તમે તો હવે અલ્પ સમયમાં જ દ્વારકા તરફ જશો." ॥૭॥

વૈશંપાયન બોલ્યા :- "અર્જુને એ પ્રમાણે કહ્યું, એટલે વક્તાઓમાં શ્રેષ્ઠ એવા મહાતેજસ્વી શ્રીકૃષ્ણ અર્જુનને ભેટી પડ્યા અને આ પ્રમાણે વચન બોલ્યા." ॥૮॥

વાસુદેવ બોલ્યા :- "હે પાર્થ ! તે સમયે મેં તને **સનાતન એવું ગુહ્યજ્ઞાન** કહી સંભળાવ્યું હતું, સાક્ષાત્ ધર્મ જણાવ્યો હતો અને સનાતન સર્વ લોકના દર્શન કરાવ્યા હતાં." ॥૯॥

"પણ તે અબુદ્ધિ (અજ્ઞાન)ને લીધે **તે જ્ઞાન ગ્રહણ કર્યું નહિ, એ મને અત્યંત અપ્રિય લાગે છે,** કેમ કે હવે મને ફરીથી તે પ્રકારની સ્મૃતિ યાદ આવી શકશે નહિ." ॥૧૦॥

"ખરેખર, હે પાંડવ ! તું અશ્રદ્ધાળું છે અને તારી બુદ્ધિ સારી નથી. હે ધનંજય ! હું તે જ્ઞાનને ફરીથી સંપૂર્ણ રીતે કહેવાને સમર્થ નથી." ॥૧૧॥

"ખરેખર, મેં ઉપદેશેલો તે ધર્મ પરબ્રહ્મનું પરમપદ જાણવાને માટે પરિપૂર્ણ હતો. પરંતુ હવે હું **તે ધર્મને સંપૂર્ણ રીતે કહેવાને અસમર્થ** છું." ॥૧૨॥

"કારણ કે તે સમયે મેં યોગનિષ્ઠ થઈને તને પરબ્રહ્મનો ઉપદેશ આપ્યો હતો. હવે તો માત્ર હું તને એ વિષયને જ લગતો એક **પુરાતની ઈતિહાસ** કહું છું." ॥૧૩॥

એમકહીને ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનો એક સિદ્ધ બ્રાહ્મણ સાથે થયેલ સંવાદ કહી સંભળાવે છે અને અહિં જ અધ્યાય ૧૬ની સમાપ્તિ થાય છે.

તો, આ પ્રસંગ જ એ સાબિતી આપે છે કે કુરુક્ષેત્રના રણમેદાનમાં શ્રીકૃષ્ણે અર્જુનને જે કાંઈપણ ઉપદેશ આપ્યો છે તે આજે **શ્રીમદ્ ભગવદ્ગીતાના સ્વરૂપમાં** પ્રત્યક્ષ છે. **તેમાં કહેલ ઉપદેશ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં સ્વીકારે છે કે મેં નથી આપેલો પરંતુ** મેં યોગનિષ્ઠ થઈને પરબ્રહ્મ સાથે એકતા સાધીને **મારા દ્વારા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણે જ** પોતાના સ્વરૂપનું જ્ઞાન આપેલ હતું.

માટે જ **સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી** પણ પોતાની **વાતો**માં કહે છે :- "... 'હું જ પુરુષોત્તમ છું, હું જ પુરુષોત્તમ છું' એમ ગીતામાં ભલે કહ્યું પણ માંહી બોલનારા બીજા હતા."

તે બીજા તે કોઈ નહિ પણ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ દ્વારકેશ શ્રીકૃષ્ણની અંદર **અનુપ્રવેશ** કરીને ગીતાનો ઉપદેશ આપી ગયા છે.

❖ ❖ ❖ ❖ ❖

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં **અવતાર-અવતારીનો ભેદ** બતાવતાં **અનેક દૃષ્ટાંતો** આપીને સમજાવે છે :-

જેમ હાથણી વિંયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિંયાય ત્યારે તેને લીખ આવે એમ...

વડનું ઝાડ ને તુવેરનું ઝાડમાં જેમ ભેદ છે.
તીર ને તીરનો નાખનારમાં જેમ ભેદ છે.
રાજા ને રાજાના ઉમરાવમાં ભેદ છે.
ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે.
તારા ને ચંદ્રમામાં ભેદ છે.
ચંદ્રમામાં અને સૂર્યમાં ભેદ છે.
પારસમણિ અને ચિંતામણિમાં ભેદ છે....

તેમ પુરુષોત્તમનારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** અને તેમના **અન્ય અવતારો**ને વિષે એવો **ઘણો ભેદ** છે.

આવી રીતે ખુદ શ્રીજીમહારાજે તથા તેમના સમકાલીન સંતોએ તથા ત્યારપછીના બ્રહ્મનિષ્ઠ સંતોએ પણ તેમના રચેલા તથા રચાવેલા શાસ્ત્રોમાં **ભગવાન શ્રીહરિ** પૂર્વે થઈ ગયેલા **તમામ અવતારો કરતા સંપૂર્ણ રીતે અલગ જ તત્ત્વ** છે. અને તે **સર્વોપરી તત્ત્વ** છે. એવું સમજાવ્યું છે તો તે ભગવાન શ્રીહરિના હૃદયગત અભિપ્રાયને તથા તેમના અભિપ્રાય તથા રહસ્ય-રુચિને જાણનાર પરમહંસોના વિચારોને જ આપણા મોક્ષમાર્ગના **પરમ-રહસ્યરૂપ** તથા **મુખ્ય** ગણીને આપણા હૃદયમાં અને જીવમાં ઉતારવા એ **અત્યંત આવશ્યક** છે.

અનુસંધાન પેજ ૧૫નું ચાલું...

શબ્દનો પ્રયોગ **પોતાના માટે** એટલે કે **પ્રત્યક્ષ** બધા ભક્તોને **નયનગોચર** મનુષ્યરૂપ મૂર્તિ માટે કર્યો હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. આના માટે ભગવાન શ્રીહરિએ જ્યાં જ્યાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો પ્રયોગ કર્યો છે તેની આગળ અથવા પાછળ 'પ્રત્યક્ષ', 'તમારા સૌના નયનગોચર', 'પ્રગટ પ્રમાણ', 'સાક્ષાત્' વગેરે શબ્દોનો પ્રયોગ કર્યો છે. જેમકે -

ગ. પ્ર. ૯ :- "...શ્રીકૃષ્ણ ભગવાનનો **પ્રત્યક્ષપણે** નિશ્ચય કર્યો હોય...", "...અને જે **પ્રત્યક્ષ ભગવાન**ને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે...", "...જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને **પ્રત્યક્ષ ભગવાન** વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ..."

ગ. પ્ર. ૪૭ :- "...સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે અને પોતાના ઈષ્ટદેવ એવા જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધ સ્વરૂપ અને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે..."

ગ. પ્ર. ૫૬ :- "...માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ. તો એ પુરુષના હૃદયને વિષે **પ્રગટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ** તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે..."

ગ. પ્ર. ૭૮ :- "...અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ; એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવિશ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ પુરુષોત્તમભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે..."

સા. ૧૬ :- "...અને તે પછી તે ભક્તજનના હૃદયને વિષે ભગવાનની ઈચ્છાએ કરીને જણાતું જે અક્ષરબ્રહ્મમય એવું તેજ તેને વિષે **સાક્ષાત્** એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું દર્શન થાય છે..."

કા. ૧૦ :- "...અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, '**પ્રગટ પ્રમાણ** એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી.' એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું..."

લો. ૧ :- "...તેમ**પ્રત્યક્ષ** જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમજાણે..."

લો. ૭ :- "...માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે પણ એ સર્વે શરીર છે અને એ સર્વેના શરીરી, તે ભગવાન શ્રીકૃષ્ણ **પ્રત્યક્ષ** પુરુષોત્તમછે...."

પં. ૬ :- "...માટે આ અવતાર સર્વોત્કર્ષપણે વર્તે છે, એવી રીતે જેની **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળમતિ હોય ને એ મતિ કોઈ દિવસ વ્યભિચારને ન પામતી હોય..."

વર. ૧ :- "...તેમજેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે..."

અં. ૫ :- "...જો તે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજું ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે..."

અં. ૩૧ :- "...માટે તે જે ધામમાં રહી મૂર્તિ ને આ **પ્રગટ શ્રીકૃષ્ણની મૂર્તિ** તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે..."

વચનામૃતમાં કોઈપણ પ્રકારના સ્પષ્ટ ઉલ્લેખ વગર વપરાયેલ 'શ્રીકૃષ્ણ' શબ્દ :

આપણે અત્યાર સુધીમાં જોયું કે '**શ્રીકૃષ્ણ**' શબ્દની આગળ-પાછળના સંદર્ભ પરથી ખ્યાલ આવી જાય છે કે આ 'શ્રીકૃષ્ણ' શબ્દ મોરલીધર શ્રીકૃષ્ણ ભગવાન માટે છે, કે અક્ષરધામના અધિપતિ **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ** માટે છે, કે પછી **પ્રત્યક્ષ નયનગોચર** સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ એટલે કે **પોતાના માટે** છે. પરંતુ એવા પણ કેટલાક વચનામૃતો છે કે જેમાં વપરાયેલો 'શ્રીકૃષ્ણ' શબ્દની આગળ-પાછળ કોઈપણ **સ્પષ્ટ ઉલ્લેખ** નથી કે જેને આધારે આપણે કહી શકીએ કે આ શબ્દ કોના માટે વપરાયેલ છે. જેમકે -

ગ.પ્ર. ૮, ૧૩, ૪૮, ૫૨, ૭૪ - લોયા. ૧, ૨, ૧૫ - પં. ૨, મ.પ્ર. ૧૯, ૨૯, ૩૫, ૩૮, ૪૦ - વર. ૨ - અં.પ્ર. ૫, ૨૦, ૨૮

ઉપરોક્ત ચારેય મુદ્દાઓના **બધા સંદર્ભો** ઉપરથી આપણને સ્પષ્ટપણે જણાય છે કે શ્રીજીમહારાજે '**શ્રીકૃષ્ણ**' શબ્દ ફક્ત ગોકુળચંદ વ્રજરમણ મોરલીધારી શ્રીકૃષ્ણ ભગવાન માટે જ નથી વાપર્યો, પરંતુ અક્ષરધામના અધિપતિ **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ** અને **પ્રત્યક્ષ નયનગોચર** મનુષ્યરૂપે વિચરતા એવા **પોતાના માટે પણ** વાપર્યો છે.

સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી

મહેમદાબાદને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૧૯-૧-૨૦૧૦)

કરમાલ (તા. સિનોર)માં હરિભક્તોના ઘેરે પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૯-૧-૨૦૧૦)

સારસા (રાજપ્રદેશ)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૨-૧-૨૦૧૦)

મહેમદાબાદને આંગણે પ. પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૧૯-૧-૨૦૧૦)

વડોદરાને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા.૧૩-૧-૨૦૧૦)

પાદરાને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૬-૨-૨૦૧૦)

કોલિયાદને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૭-૨-૨૦૧૦)

વ્યારાને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૭-૨-૨૦૧૦)

કાયાવરોહણને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૧૩-૨-૨૦૧૦)

છાણભોઈ(તા. સિનોર)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૧૩-૨-૨૦૧૦)

ચાંદગઢ (જી. અમરેલી)ને આંગણે યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા.૧૪-૨-૨૦૧૦)

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ

ભવ્ય સત્સંગ સભાઓ તથા દિવ્ય શાકોત્સવો

સર્વોપરી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **'દિવ્ય શાકોત્સવો તથા સત્સંગ સભાઓ'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરેક સત્સંગ સભાઓમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)** પોતાના સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લાભ આપ્યો હતો.

૧. **'ભવ્ય શાકોત્સવ' શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી** (ઈસ્ટ)
૦૧ ફેબ્રુઆરી - ૨૦૧૦ સોમવાર

૨. **'દિવ્ય સત્સંગ સભા' શ્રી સ્વામિનારાયણ મંદિર - કાંદિવલી** (વેસ્ટ)
૦૨ ફેબ્રુઆરી - ૨૦૧૦, મંગળવાર

૩. **'દિવ્ય સત્સંગ સભા' શ્રી સ્વામિનારાયણ મંદિર - બોરીવલી** (વેસ્ટ)
૦૨ ફેબ્રુઆરી - ૨૦૧૦, મંગળવાર

૪. **'દિવ્ય સત્સંગ સભા' શ્રી સ્વામિનારાયણ મંદિર - મલાડ** (વેસ્ટ)
૦૩ ફેબ્રુઆરી - ૨૦૧૦, બુધવાર

૫. **'દિવ્ય સત્સંગ સભા' શ્રી સ્વામિનારાયણ મંદિર - દહિસર** (ઈસ્ટ)
૦૩ ફેબ્રુઆરી - ૨૦૧૦, બુધવાર

૬. **'દિવ્ય સત્સંગ સભા' શ્રી સ્વામિનારાયણ મંદિર - મુલુંડ** (વેસ્ટ)
૦૪ ફેબ્રુઆરી - ૨૦૧૦, ગુરુવાર

૭. **'દિવ્ય સત્સંગ સભા' જી. ટી. સ્કુલ હોલ - ભૂલેશ્વર** (મુંબઈ)
૦૭ ફેબ્રુઆરી - ૨૦૧૦, રવિવાર

૮. **'શાકોત્સવ તથા સત્સંગ સભા' મું. અરજણસુખ, જી. અમરેલી**
૧૩ ફેબ્રુઆરી - ૨૦૧૦, શનિવનાર

૯. **'શાકોત્સવ તથા સત્સંગ સભા' મું. ચાંદગઢ, તા.જી. અમરેલી**
૧૪ ફેબ્રુઆરી - ૨૦૧૦, રવિવાર

પણજીમ (ગોવા)ને આંગણે યોજાયેલ દિવ્ય સત્સંગ સભા

ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી કુદરતી પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા **ગોવા** રાજ્યની રાજધાની **પણજીમશહેર**ને આંગણે **તા. ૬-૨-૨૦૧૦**ના રોજ **પ.ભ. શ્રી રસિકલાલ મોહનલાલ ગાંગાણી પરિવાર** દ્વારા **'દિવ્ય સત્સંગ સભા'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ સભાઓમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)** પોતાના સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લાભ આપ્યો હતો.

આજે આપના ઘરના વસાવો.... વ્રતો તથા ઉત્સવોનો નિર્ણય અને પંચાગ - સં. ૨૦૬૬/૬૭, ઈ.સ. ૨૦૧૦/૧૧

પ્રાપ્તિ સ્થાન :- 'આચાર્ય નિવાસ' શ્રી રઘુવીર વાડી - વડતાલ. ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮. ✤ શ્રી સ્વા. મંદિર - ગઢપુર. ફો.નં. ૦૨૮૪૭-૨૫૨૮૦૦ ✤ શ્રી સ્વા. મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧ ✤ શ્રી સ્વા. મંદિર - ખોપાળા. ફો.નં. ૦૨૮૪૭-૨૮૨૦૩૭ ✤ શ્રી સ્વા. મંદિર - બગસરા. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧૬શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી (મુંબઈ) ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ ✤ શ્રી સ્વા. મંદિર - બોરિવલી (મુંબઈ) ફો.નં. ૦૨૨ - ૨૮૯૦૨૭૧૭ ✤ શ્રી સ્વા. મંદિર - મલાડ (મુંબઈ) ફો.નં. ૦૨૨ - ૮૮૦૪૩૫૬ ✤ શ્રી સ્વા. મંદિર -મહુવા. ફો.નં. ૦ ૨૮૪૪ - ૨૨૨૨૪૨ ✤ કષ્ટભંજન શ્રી હનુમાનજી - શ્રી સ્વા. મંદિર - પારેખા. ફો.નં. ૦૨૬૬૩-૨૨૬૬૬૮ ✤ શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત. ફો.નં. ૯૮૭૯૭૫૮૫૧૩. ✤ શ્રી સ્વા. મંદિર - રાંદેલ સુરત. ફો.નં.૦૨૬૧ - ૨૭૬૯૯૨૦ ✤ શ્રી ગોપાલભાઈ પટેલ - ગોધરા. મો. ૯૮૯૮૦૪૭૬૬૫ ✤ કાનાણી ટેડ્રર્લ - સાવરકુંડલા . ફો.નં. ૦૨૮૪૫-૨૪૨૪૧૧ ✤ શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - રાજકોટ. મો. ૯૪૨૬૨૨૯૫૫૮

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

ક્રમ	તારીખ	સ્થળ
૦૧	૨૨ થી ૨૫ એપ્રિલ - ૨૦૧૦	છઠ્ઠો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ - સરધાર સંપર્ક : ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩
૦૨.	૧ થી ૯ મે - ૨૦૧૦	'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' શ્રી રોકડિયા હનુમાનજી મંદિર, આણંદ સંપર્ક : મહેશભાઈ પટેલ - મો. ૯૯૭૯૬૧૧૦૪૪
૦૩.	૧૦ થી ૧૬ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. વાંકિયા (રાજબાઈનું), તા.બાબરા , જી. અમરેલી સંપર્ક : પૂ. પતિતપાવન સ્વામી - મો. ૯૪૨૮૮૯૦૨૧૧
૦૪.	૧૬ થી ૧૯ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચાંદગઢ, તા. જી. અમરેલી સંપર્ક : વાલજીભાઈ - મો. ૯૮૨૪૭૧૦૦૪૦ જયંતિભાઈ - મો. ૯૯૭૯૦૧૬૨૪૫
૦૫.	૧૯ થી ૨૫ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ગણેશગઢ, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : કાંતિભાઈ - મો. ૯૯૭૪૯૨૪૨૨૯ અરવિંદભાઈ - મો. ૯૮૨૫૬૪૬૯૪૯
૦૬.	૨૯ મે થી ૪ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. વડેરા, તા. જી. અમરેલી સંપર્ક : રમેશભાઈ - મો. ૯૯૭૪૮૭૨૨૭૯ બાબુભાઈ - મો. ૯૯૯૮૩૨૬૪૬૫
૦૭.	૪ થી ૧૦ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. કમીગઢ, તા. બગસરા જી. અમરેલી સંપર્ક : કો. શંભુભાઈ - મો. ૯૯૭૯૨૨૫૮૬૩

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

:: અભયદાન સત્સંગ સભા ::

-: સરધાર :-	-: સંપર્ક :-	-: રાજકોટ :-
તા. ૬-૦૩-૧૦, રવિવાર	શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮	તા.૨૮-૦૨-૧૦, શનિવાર
સમય :- સવારે ૮ થી ૧	શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯	સમય :- રાત્રે ૯ થી ૧૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ચાલો સુરત...

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અનુગામી અને વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા પરમાત્મા સ્વરૂપ લાડિલા લાલ

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો દિવ્ય અને ભવ્ય

૩૭ મો જન્મોત્સવ

સુરત - ૨૦૧૦

ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ તથા રંગપંચમીનો રંગોત્સવ

તારીખ :- ૨ થી ૦૫-૩-૦૯ સુધી

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

આયોજક : ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - સુરત

મહોત્સવ સ્થળ : લલિતા ચોકડી, વેડરોડ, સુરત.

સંપર્ક : ૯૮૭૯૭૫૮૫૧૩, ૯૮૭૯૭૪૫૧૭૬, ૯૯૨૫૧૨૫૫૯૯, ૯૮૨૫૬૧૦૫૧૮, ૯૭૩૭૨૨૨૦૭૪, ૯૩૭૫૦૨૪૭૬૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની **સાતમી**

શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

-: તારીખ :-

૩-૮-૧૦ અષાઢ વદ - ૮ થી ૩૦-૮-૧૦ શ્રાવણ વદ - ૫

ટીકીટ દર :- ૨૧,૫૦૦ કુલ દિવસ :- ૨૮

દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :- નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, કેદારનાથ, ગુપ્તકાશી, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, દ્વારિકા, બેટદ્વારકા, નાગેશ્વર, ગોપીતળાવ, રાજકોટ

બુકિંગ માટે સંપર્ક :- **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૯૦૨૧૧ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા.મંદિર - કોંબીવલી.** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત.** મો. ૯૮૭૯૭૫૮૫૧૩. **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮.

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

વાંસખીલીયાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રી સ્વા. મહોત્સવ' અંતર્ગત 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૨૪ થી ૩૦ જાન્યુઆરી - ૨૦૧૦)

Shree Swaminarayan Chintan, February - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

ટીંબરવા (તા. સિનોર)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'ભવ્ય દશાબ્દિ મહોત્સવ' અંતર્ગત 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'(તા. ૧૭ થી ૨૩ જાન્યુઆરી - ૨૦૧૦)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji

છબીકલા : જયેશ કાંદિવલી. મો. ૯૩૨૪૦૧૦૯૪૩, શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, ફોટો વર્લ્ડ સ્ટુડીયો - આણંદ. મો. ૯૮૯૮૩૯૨૯૩૩